# પૂજ્યશ્રીના કાલધર્મનાં પત્રોનો પૂ.આ. શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા. દ્વારા અપાયેલ મુદ્રિત પ્રત્યુત્તર

જેઠ વદિ-૧૧, વિ.સં.૨૦૭૧
ભાયંદર-બાવન જિનાલય તીર્થ .

-વિજયરાજરત્નસૂરિ

વિનયાદિગુણાલંકૃત / ધર્મભાવનાશીલ ..........................................................

**સાદર અનુવન્દના શાતા / ધર્મલાભ**

- વિશેષ જણાવવાનું કે અમારા પરમોપકારી પરમતારક પૂજ્યપાદ ગુરુદેવ પ્રૌઢપ્રભાવશાળી પરમશાસનપ્રભાવક દર્ભાવતી તીર્થોદ્ધારક આ.ભ. શ્રી વિજયસૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. ચોર્યાશી વર્ષના જીવનપર્યાય અને અડસઠ વર્ષના નિર્મલ સંયમપર્યાયના અંતે જેઠ વદિ-ત્રીજ, તા. ૫-૬-૨૦૧૫ ના સાંજે ૫.૩૭ ક. શિષ્યવૃંદનાં મુખે નમસ્કારમહામન્ત્રાદિ આરાધનાપાઠનાં શ્રવણપૂર્વક સમાધિમય કાલધર્મ પામ્યા છે. તેઓશ્રીની અણધારી ચિર વિદાયથી અમારાં હૈયે વજ્રાઘાત થયો છે. અખંડ શાતા આપતું અમારું શિરચ્છત્ર સદાયને માટે છિનવાઈ ગયું છે અને અમે પૂ.ગુરુદેવની પ્રત્યક્ષ હૂંફ વિહોણા અનાથ બની ગયા છીએ. માત્ર અમારા સમુદાયે જ નહિ, પરંતુ સમસ્ત જૈન સંઘે-શાસને એક પુણ્યપ્રભાવશાળી મહાપુરુષરૂપ કોહીનૂર ગુમાવ્યો છે. આ અસહ્ય આઘાતની પળે તમારા તરફથી મળેલ આશ્વાસનપત્રે અમને હૂંફ પૂરી પાડી છે. તમારી સહાનુભૂતિની અનુમોદના.

પૂજ્યપાદ ગુરુદેવશ્રીના વરદ હસ્તે છેલ્લા અનેક વર્ષોથી શાસનપ્રભાવનાઓની હારમાળા આમ તો જારી જ હતી પરંતુ આ વર્ષે જાણે કોઈ કુદરતી સંકેત હોય તેમ પૂજ્યશ્રીએ ઘણા ઘણા નિર્ધારિત શાસનકાર્યો એક પણ વિરામ વિના હાથ ધરવા માંડ્યા હતા. કાર્તિક વદિ એકમથી શરૂ થઈ ગયેલી અનેક અંજનશલાકા-પ્રતિષ્ઠાઓયુક્ત શાસનપ્રભાવક કાર્યો માટેની એમની વિહારયાત્રા ઠેઠ અંતિમ માંદગીની પ્રભાત સુધી જારી હતી. આ વર્ષે પૂજ્યશ્રીની નિશ્રામાં કુલ ૩૬ શાસનપ્રભાવક ધર્મકાર્યો નિર્ધારાયાં હતાં. એમાં ફક્ત ત્રણેક કાર્યો શેષ રહ્યાં. બાકીનાં સર્વ કાર્યો પૂજ્યશ્રીના વરદ હસ્તે જ સંપન્ન થયાં. અમારા માટે સૌથી વધુ આશ્વાસનપ્રદ ઘટના એ રહી કે એ ૩૬ કાર્યોમાં પૂજ્યશ્રીનાં માનસસ્વપ્ન શ્રી ધર્મધામ નાગેશ્વરપાર્શ્વનાથ તીર્થની ઐતિહાસિક અંજનશલાકા - પ્રતિષ્ઠા અને અમારા સુવિનીત શિષ્યરત્ન મુનિશ્રી રશ્મિરત્નવિજયજીને ગણિપદ પ્રદાનના પ્રસંગો પૂજ્યશ્રીના વરદ હસ્તે સંપન્ન થયા.

છેલ્લે વૈશાખ વદિ-૧૪, રવિવારે ભાયંદર બાવનજિનાલય તીર્થે, પૂજ્યશ્રીની પ્રેરણાથી પુનરુદ્ધાર પામેલ આલીશાન ત્રિમજલી 'ધર્મ' આરાધના ભવનનો ભવ્ય ઉદ્ઘાટન સમારોહ-તે સમયે ધર્મશાળા ઉદ્ધારાદિ માટે ₹. ૭૦ લાખનું નવું ફંડ અને બીજા દિવસે ગણિશ્રી રશ્મિરત્નવિજયજીના ભગવતીસૂત્રયોગનો પૂર્ણાહુતિ સમારોહ : પૂજ્યશ્રીનાં જીવનનું આ અંતિમ પ્રભાવક કાર્ય હતું. તે પછી વસઈરોડ જૈન સંઘના શિખરબદ્ધ જિનાલયના ભવ્યાતિભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ માટે પૂજ્યશ્રી સાથે અમે સહુએ જેઠ શુદિ ચોથે વિહાર કર્યો. પીયૂષપાણિતીર્થ થઈ પાંચમે ગિરનાર વિહારધામ પહોંચ્યા. અંતિમ માંદગી પૂર્વેનો પૂજ્યશ્રીનો એ અંતિમ દિવસ હતો. છેલ્લા પાંચ વર્ષોથી પૂજ્યશ્રી સતત બિયાસણાના પચ્ચક્ખાણ કરતા હતા. પાંચમના દિવસે પણ પૂજ્યશ્રીને બિયાસણું હતું. સંપૂર્ણ દિવસ એ જ ચિરપરિચિત સ્વસ્થતા, એ જ સ્ફૂર્તિ અને એ જ પ્રસન્નતાઃ પૂજ્યશ્રી માટે કાંદિવલીની અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પરમ ધર્માત્મા શ્રીમતી અરૂણાબેન નિમેષભાઈ કંપાણીએ પૂજ્યશ્રીની સામે જ અમને કહેલ શબ્દો આ પ્રસન્નતા માટે યાદ આવે. એમણે કહેલ કે :- ''વૃદ્ધત્વને કેવું પ્રસન્નતાભર્યું બનાવવું એ સાહેબજી અમને શીખવે છે.'' જેઠ શુદિ પાંચમે આ જ પ્રસન્નતા હતી. પ્રતિક્રમણ બાદ રાત્રે અર્ધો કલાક મુક્ત વાર્તાલાપ પણ કર્યો.

જેઠ શુદિ છઠ્ઠે વસઈમાં પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે પૂજ્યશ્રીનો પ્રવેશ-અઢાર અભિષેકાદિ હતા. સાડા પાંચના વિહારની ગણતરીથી સવા ત્રણ આસપાસ અમે જાગૃત થયા. પૂજ્યશ્રી સ્વયં એ સમયે જાગૃત થઈને પાટ પર વિરાજ્યા હતા. પરિણતિ એટલી તીવ્ર જાગૃત હતી કે નિત્યક્રમ મુજબ એમની પાટ પાસે દંડાસન મૂકનાર શ્રમણ એ રાત્રે દંડાસન મૂકવું વીસરી ગયા હતા, તો પૂજ્યશ્રીએ મુનિશ્રી પ્રશમરત્નવિજયજી પાસેથી દંડાસન લીધું અને પ્રમાર્જનપૂર્વક જ માત્રું પધાર્યા. તે પછી પ્રતિક્રમણક્રિયા શરૂ કરી. એ આરાધનાની પળોમાં જ એકાએક પૂજ્યશ્રી બોલ્યા કે ‘‘બ્લડપ્રેશર ખૂબ વધ્યું લાગે છે. મગજમાં દુઃખાવો છે.’’ પૂજ્યશ્રીને કદી બી.પી., ડાયાબીટીસ જેવા રોગ હતા જ નહિ. એથી અમે ‘‘શું થઈ શકે?’’ એ વિચારમાં હતા. હકીકતમાં એ મગજમાં ‘હેમરેજ સ્ટ્રોક’ નો ગંભીર હુમલો હતો. અમે હજુ સમજીએ ત્યાં જ એક ક્ષણ પૂરતા પૂજ્યશ્રી બેશુદ્ધ થઈ ગયા. આનાથી સાવધ થઈને અમે પૂજ્યશ્રીને તત્કાળ વસઈ હોસ્પિટલમાં લઈ જવાનો નિર્ણય કર્યો. જો કે, ક્ષણ પછી પૂજ્યશ્રી પૂર્ણ સભાન થઈ ગયા. પરંતુ પરિસ્થિતિની ગંભીરતા સમજી અમે હૉસ્પિટલનો નિર્ણય અમલમાં જ લીધો.

માર્ગમાં અમે તથા ગણિ રશ્મિરત્નવિજયજી સતત નમસ્કાર મહામન્ત્રાદિ શ્રવણ કરાવતા રહ્યા. પૂજ્યશ્રી સંપૂર્ણ સ્વસ્થતા-જાગૃતિ-પ્રસન્નતાથી એ શ્રવણ કરતા હતા. અમે વચ્ચે વચ્ચે પૂછીએ : ‘‘સાહેબજી ! સાંભળો છો ને ??’’ તરત ઉત્તર મળે : ‘‘બરાબર ધ્યાનથી સાંભળું છું.’’ પૂજ્યશ્રીનો એ સમયનો ચહેરો આ ક્ષણે પણ અમારી સ્મૃતિમાં બરાબર તરવરે છે. ત્યાં વેદનાની આછી રેખા પણ ન હતી. સંપૂર્ણ સમાધિ હતી. આ અજબ આશ્ચર્યજનક ઘટના હતી. તેઓ તે દરમિયાન ફક્ત એક જ વાક્ય આ બોલ્યા હતા કે ‘‘વસઈ પ્રતિષ્ઠાનું ધ્યાન રાખજો.’’

વસઈ હૉસ્પિટલમાં દાખલ થયા ત્યાં પૂજ્યશ્રીને ‘બ્રેઈનસ્ટ્રોક’ નો બીજો ગંભીર હુમલો આવ્યો અને તેઓ બેશુદ્ધ બની ગયા, ગુરુભક્તો પૂજ્યશ્રીને તત્કાળ મુંબઈની શ્રેષ્ઠ અંબાણી હૉસ્પિટલમાં લઈ ગયા. ત્યાં તરત અત્યંત આધુનિક પદ્ધતિથી મગજમાં સાત ‘કોઈલ’ બેસાડાતાં નવા નુકસાનની સંભાવના ન રહી. નિષ્ણાત ડૉક્ટરોની સલાહ લઈને અમે પૂજ્યશ્રીના વચનાનુસાર વસઈનો શરૂ થઈ ચૂકેલ પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન કરવા ૨૬ કલાકમાં ૪૦ કિ.મી.નો પગપાળા વિહાર કરી વસઈના શિખરબદ્ધ જિનાલયનો પ્રતિષ્ઠા મહોત્સવ ઉલ્લાસભેર સંપન્ન કરાવ્યો. ત્યાંના દરેક સમારોહમાં પ્રવચનપીઠ પર વચ્ચે અમે પૂજ્ય ગુરુદેવશ્રીની જ દેહપ્રમાણ પ્રતિકૃતિ મુકાવીને હૃદયની સંવેદનાપૂર્વક કહેલ કે ‘‘રામચન્દ્રજીની ગેરહાજરીમાં તેમની પાદુકાએ અયોધ્યા પર રાજ્ય કર્યું હતું. તેમ પૂજ્યશ્રીની ગેરહાજરીમાં તેઓશ્રીની પ્રતિકૃતિ આ મહોત્સવ સવાયો સંપન્ન કરાવી રહી છે.’’ પ્રતિષ્ઠા બાદ તરત એ જ રીતે ૨૬ કલાકમાં ૪૦ કિ.મી. નો વિહાર કરી અમે અંબાણી હૉસ્પિટલમાં પૂજ્યશ્રીની સેવામાં ઉપસ્થિત થઈ ગયા. ત્યાં સુધીના દિવસોમાં ગણિ રશ્મિરત્નવિજયજી આદિએ પૂજ્યશ્રીની સરસ દ્રવ્ય-ભાવ ભક્તિ કરી.

પૂજ્યશ્રીનાં નાદુરસ્ત સ્વાસ્થ્યના સમાચાર ‘ગુજરાત સમાચાર’ ની તમામ આવૃત્તિમાં બીજા જ દિવસે પ્રગટ થતા ૪૦૦ થી વધુ સંઘોમાં અટ્ઠમ - આયંબિલ - જાપનાં સમૂહ આયોજનો થયાં. તેના અને નિષ્ણાત ડૉક્ટરોની સારવારના પ્રભાવે પૂજ્યશ્રીનું સ્વાસ્થ્ય ક્રમશઃ સુધરતું ગયું. જે દિવસે વસઈમાં પ્રતિષ્ઠા થઈ તે જ દિવસે પૂજ્યશ્રીએ સર્વપ્રથમવાર પ્રતિક્રમણ સમયે આંખો ખોલી. હાથ-પગ-મસ્તકનું હલનચલન, બોલાવતા વેંત આંખો ખોલવી વગેરેથી ડૉક્ટરોએ પણ અમને જણાવ્યું કે ‘‘આવી જ પ્રગતિ રહેશે તો બે સપ્તાહ બાદ પૂજ્યશ્રી ઘણા સ્વસ્થ થઈ જશે.’’ આ આશા પર જ અમે, કાંદિવલી વેસ્ટ-ઈસ્ટના સંઘોના અતિ આગ્રહથી પૂજ્યશ્રીનાં આ વર્ષના છેલ્લા કાર્યરૂપ એ બે પ્રતિષ્ઠા માટે જેઠ શુદિ-પૂનમ મંગળવારે સવારે ‘પૂજ્યશ્રીનું સ્વાસ્થ્ય આ રીતે સારું રહે તો’ ની વાતે સંમતિ આપી. પરંતુ જેઠ વદિ - એકમ બુધવારે રાત્રે એકાએક પૂજ્યશ્રીનું બી.પી. ‘ડાઉન’ અને ‘હાર્ટબીટ્સ’ ઓછા થતાં મગજ પર એનું ઘેરું નુકસાન થયું. સ્થિતિ પુનઃ ગંભીર બનતાં અમે તરત બધા કાર્ય સ્થગિત કરી દીધા. પહેલા શ્રમણો અને અમે I.C.U.માં પૂજ્યશ્રીને દિવસમાં કુલ છ કલાક આરાધનાસ્તોત્રાદિ શ્રવણ કરાવતા હતા. ગુરુવારથી દિવસમાં દશ કલાક શ્રવણ કરાવવામાં આવ્યું. શુક્રવારે પણ એમ જ કરાયું. ડૉક્ટરોના અંદાજ મુજબ પૂજ્યશ્રીની હવેની સ્થિતિ ૭૨ કલાક જેવી (શનિવાર સાંજ સુધીની) જણાતી હતી. પરંતુ ૪૮ કલાક પૂર્ણ થતા પૂર્વે જ શુક્રવારે સાંજે એકેક ક્ષણ ગણાવા લાગી. ડૉક્ટરોના બચાવપ્રયત્નો છેલ્લી ક્ષણ સુધી ભરપૂર ચાલુ હતા. ૫.૧૫ થી અમે સ્વયં પૂજ્યશ્રીને સંથારાપોરિસી શ્રવણ, અંતિમ આરાધના અને પૂજ્યશ્રીના નિત્ય પાઠરૂપ ભક્તામરસ્તોત્ર શ્રવણ કરાવ્યું. સાધુ-સાધ્વીજીઓએ પૂજ્યશ્રી નિમિત્તે ધારેલ આરાધનાઓ સંભળાવી. અંતે ૫.૩૭ ક. આરાધના-સ્તોત્રોનાં શ્રવણ વચ્ચે પૂજ્યશ્રીનો જીવનદીપ બુઝાયો...

પ્રભુ શાસનનો ઝળહળતો સૂર્ય અન્યત્ર ઝળાહળા થવા પ્રયાણ કરી ગયો!!

પૂજ્યશ્રીની વિચારધારા જોતા અમારી એક મક્કમ ભાવના હતી કે અંતિમયાત્રા પગપાળા જ થાય, ક્યાંય પાલખી માટે વાહનનો ઉપયોગ ન થાય. આથી જ ઘણા ભાવિકોએ અંતિમ સમાધિ માટે ધર્મધામ તીર્થની પસંદગી સૂચવવા છતાં અમે તેનો ઈન્કાર કર્યો. પરમ ગુરુભક્ત અને ભાયંદર - બાવન જિનાલય સંઘના મેનેજિંગ ટ્રસ્ટીશ્રી સુરેશભાઈ-પ્રમુખ શ્રી માંગીલાલજી વગેરેએ સામેથી પૂજ્યશ્રીના અંતિમ સંસ્કાર બાવનજિનાલયતીર્થનાં પરિસરમાં કરવાની વિનંતિ કરતાં અમે તેનો સ્વીકાર કર્યો. અંબાણી હૉસ્પિટલમાંથી પૂજ્યશ્રીના પાર્થિવ દેહને સ્ટ્રેચર દ્વારા અંધેરી-શાંતાવાડી સંઘમાં સ્થપાયો. હજારો ભાવિકોએ ત્યાં પૂજ્યશ્રીનાં દર્શન કર્યા.

માંદગીના અંતિમ દિવસોમાં અને અંતિમયાત્રાદિને અમારા સમુદાયના પૂ.આ. શ્રી ચન્દ્રસેન સૂ. મ. - પૂ.આ. શ્રી જયશેખર સૂ. મ. - પૂ. આ. શ્રી લલિતસેન સૂ. મ. - આ. શ્રી કલાપૂર્ણ સૂ. આદિ તથા પ્રવર્તિની સા. શ્રી વસંતપ્રભાશ્રીજી - જ્યોતિપ્રભાશ્રીજી - મયૂરકલાશ્રીજી - લક્ષિતજ્ઞાશ્રીજી - જ્યોતિર્ધરાશ્રીજી - ભવ્યરત્નાશ્રીજી - અમીવર્ષાશ્રીજી - યશોધર્માશ્રીજી દીપકલાશ્રીજી - પુનિતકલાશ્રીજી - કોમલકલાશ્રીજી આદિ સાધુ-સાધ્વીજી ખાસ પધાર્યા હતા. તેમાં ૫ પૂ.આ. શ્રી જયશેખર સૂ.મ. એક સાથે ૨૯ કિ.મી. વિહાર કરી ભાયંદર પધાર્યા હતા. અમારા લગભગ તમામ શ્રમણોએ ઉપવાસનું પચ્ચક્ખાણ કરીને એક સાથે ૨૯ કિ.મી. નો વિહાર કર્યો, તો સા. શ્રી વિશ્વવ્રતાશ્રીજીએ અટ્ઠમ તપના બીજા દિવસે ૨૯ કિ.મી. નો વિહાર પૂર્ણતઃ ખુલ્લા પગે કર્યો.

સવારના ૬.૩૦ થી ૭.૩૦ અંતિમયાત્રાની પ્રારંભિક ભવ્ય ઉછામણી બાદ ૭.૫૫ ક. પાલખી યાત્રા આરંભાઈ. અમે પણ એ જ સમયે વિહાર શરૂ કર્યો. માર્ગમાં ઠેર ઠેર ચાલુ દિવસ છતાં માનવસાગર ઊમટી પડ્યો હતો. ઠેર ઠેર વિવિધ પાણી-સરબતના સ્વંયભૂ 'સ્ટોલ' ઠેર-ઠેર પાલખીનાં વધામણાં વગેરે દર્શનીય માહોલ વચ્ચે સાડા આઠ કલાકની અવિરત સફર બાદ પાલખીયાત્રા બાવન જિનાલય પરિસરમાં આવી. સવા લાખથી વધુ ભાવિકોએ પાલખીયાત્રાનો લાભ લીધો. બાવન જિનાલય તીર્થે પૂ.આ. શ્રી જગવલ્લભ સૂ. મ. આદિ પણ ખાસ પધાર્યા હતા. હૈયુ હૈયું ભીંસાય તેવી ભીડ વચ્ચે અંતિમ સંસ્કારની ઉછામણી પરમ ગુરુભક્ત શ્રી વિપુલભાઈ શાહ (એશિયન સ્ટાર) એ ₹. ૧ ક્રોડ ૮ લાખમાં લીધી. શ્રી ધર્મધામ તીર્થ ગુરુમંદિરનો લાભ બાબુ અમીચંદ પન્નાલાલ દેરાસર ટ્રસ્ટે ₹.૮૪ લાખમાં લીધો અને ભાયંદરના ગુરુમંદિરનો લાભ શ્રીમતી નયનાબેન દિનેશભાઈ શાહે ₹.૮૮ લાખમાં લીધો. કુલ ₹.પાંચ ક્રોડની ઉપજ થઈ. ડભોઈ શ્રી વિજયદેવસૂરિ સંઘે તથા ડભોઈ પાંજરાપોળે આ પ્રસંગે જ પૂજ્યશ્રીનાં ગુરુમંદિર નિર્માણની જાહેરાત કરીને પૂજ્યશ્રીએ કરાવેલ ક્રમશઃ દર્ભાવતી તીર્થોદ્ધાર અને પાંજરાપોળપુનરુદ્ધારનું યત્કિંચિત્ ઋણ અદા કરવાનું અત્યંત સ્તુત્ય પગલું ભર્યું હતું. તે પછી અશ્રુભીની આંખે અંતિમ સંસ્કાર બાદ બે હજારથી વધુ ભાવિકો સાથે ચતુર્વિધ સંઘના સમૂહ દેવવંદન-ગુણાનુવાદાદિ થયેલ.

વિક્રમ સર્જક ૨૯ કિ.મી. ની પાલખી યાત્રા, અદ્ભુત લોકપ્રતિસાદ, લક્ષ્મીના વરસાદ જેવી ઉછામણીઓ, ગુજરાત સમાચાર આદિ અખબારો દ્વારા રોજેરોજ વ્યાપક કવરેજ, ૫૧ જૈન સંઘોમાં તત્કાળ મહોત્સવ વગેરે પૂજ્યશ્રીની પ્રચંડ પુણ્યાઈ અને અપાર લોકપ્રિયતાના દ્યોતક છે. પૂજ્યશ્રીએ આજીવન ગુરુસમર્પણ દ્વારા આ કાળમાં જે દીવાદાંડી જેવી અપ્રતિમ ગુરુભક્તિ કરી હતી તેના ત્રણ ફળ આ અંતિમ ઘટનાઓમાં દેખાયા : (૧) પૂ.યુગદિવાકરશ્રીની પાલખીયાત્રા એ કાળે અજોડ ૨૧ કિ.મી. દીર્ઘ હતી. પૂજ્યશ્રીની પાલખીયાત્રા આ કાળે અજોડ ૨૯ કિ.મી. દીર્ઘ થઈ. (૨) પૂ. યુગદિવાકરશ્રીની અંતિમ સમાધિ મુંબઈના મધ્યવર્તી ચેમ્બુર તીર્થે થઈ, પૂજ્યશ્રીની અંતિમ સમાધિ મુંબઈના સૌથી મોટા બાવન જિનાલય તીર્થે થઈ. (૩) પૂ.યુગદિવાકરશ્રીની સેવાનો લાભ પૂજ્યશ્રીને (૪+૩૪)=૩૮ વર્ષ મળ્યો, અમને પૂજ્યશ્રીની સેવાનો લાભ (૨+૩૬)= ૩૮ વર્ષ મળ્યો. પૂજ્યશ્રીની અંતિમ માંદગી તથા કાલધર્મ પ્રસંગે પૂ. તપાગચ્છાધિપતિ આ. શ્રી પ્રેમ સૂ. મ. આદિ લગભગ ચાલીશ અગ્રણી ગચ્છાધિપતિશ્રીઓ આચાર્યોના અને અમારા સમુદાયના પૂર્વોક્ત સર્વ પૂજ્યો ઉપરાંત પૂ. ગચ્છાધિપતિ આ. શ્રી કનકરત્ન સૂ. મ. - મુનિ શ્રી જયભદ્રવિજયજીનાં પણ પત્રો આવ્યા. પૂ. રામચન્દ્ર સૂ. સમુદાયના ગચ્છાધિપતિ પૂ.આ. શ્રી પુણ્યપાલ સૂ. મ. તો અંતિમસંસ્કારના બીજા દિવસે અમને રૂબરૂ સાન્ત્વન આપવા બાવનજિનાલય તીર્થે પધાર્યા હતા. આમાંના કેટલાય આચાર્યોએ જણાવ્યું કે ''પૂજ્યશ્રી તો બીજા ધર્મસૂરીશ્વરજી દાદા જેવી વિરલ પ્રતિભા બની ગયા હતા.''

શ્રાવકવર્ગમાં મુંબઈના અનેક સંઘોના અગ્રણીઓ ને વિશેષરૂપે ધર્મધામ તીર્થના ટ્રસ્ટીઓ શ્રી સુરેશભાઈ સંઘવી, શ્રી મહાવીરભાઈ દાવરા, શ્રી રમેશભાઈ શાહની ભક્તિ ઉલ્લેખનીય હતી. યુવાનોમાં કાંદિવલી - પૂર્વના આદિ ધર્મ યુવક મંડળ અને સૌથી વિશેષ મિતેશભાઈ શેઠની ભક્તિ ધન્યવાદપાત્ર હતી. રાત-દિવસ જોયા વિના તેઓએ હૉસ્પિટલના તેર દિવસ અને ૨૯

કિ.મી. ની પડકારરૂપ પાલખીયાત્રામાં અદ્ભુત સેવા આપી હતી. પાલખીયાત્રા માટે કદાચ જરૂર પડે તો તત્કાલ પાલિતાણાથી ૧૫ ડોલીવાળા લવાયા હતા. પરંતુ યુવાનોએ ઉલ્લાસથી તમામ પાલખી યાત્રા પોતે જ વહન કરી હતી. અંબાણી હૉસ્પિટલમાં તરત સુવિધા કરી આપનાર ગુરુભક્ત શ્રી નીલેશભાઈ - શિલ્પાબેન, તમામ બાબતે મન મૂકીને લાભ લેનાર નાગેશ્વર પાર્શ્વ પરિવારના સુનિલભાઈ-લલિતભાઈ-જિતુભાઈ વગેરે તેમજ હૉસ્પિટલના નિષ્ણાંત ડૉક્ટરોની તન્મય સેવા વગેરેથી જ પૂજ્યશ્રીની શ્રેષ્ઠ સારવાર શક્ય બની હતી. પૂજ્યશ્રીની અંતિમ સમાધિ અને સર્વ ભક્તિ તત્પરતા રાખનાર બાવનજિનાલયતીર્થ સંઘની ભક્તિ પ્રશસ્ય હતી. આ તમામ કરતા ય સર્વોપરી છે પૂજ્યશ્રીના બારેય શિષ્ય-પ્રશિષ્યોની હાર્દિક ઊંડા ભાવો પૂર્વકની ભક્તિ-સેવા અને સાધ્વીજી ભગવંતોની અખંડ આરાધના. એનાથી જ દરેક તબક્કે જ ઉચિત વ્યવસ્થા શક્ય બની. આ ક્ષણે એ સર્વનું કૃતજ્ઞ ભાવે સ્મરણ થાય છે.

જેઠ વદિ-૧૦ થી ભાયંદર બાવન જિનાલય સંઘમાં શાંતિસ્નાત્ર સહિત પંચાહ્નિક મહોત્સવ શરૂ થયો છે. તેમાં જેઠ વદિ-૧૩, રવિવારે મુંબઈના સમસ્ત જૈન સંઘોના ઉપક્રમે વિરાટ ગુણાનુવાદ મહાસભા સમુદાયના ચાર પૂ. આચાર્યદેવો તથા સુવિશાલ સાધ્વીવૃંદની નિશ્રામાં થશે. ત્યારે નવા મળીને કુલ આઠથી દશ ગુરુમંદિરોની જાહેરાત થવાનો સંભવ છે. ભાયંદર મહોત્સવની સાથે જ વસઈ-ભાયંદર મળી કુલ ચાર મહોત્સવો થઈ રહ્યા છે. હવે કુલ ૩૬ દિવસોમાં મુંબઈના જુદા જુદા ૪૦ સંઘોમાં થનાર મહોત્સવોમાં અમે તથા ગણિશ્રી રશ્મિરત્નવિજયજી - મુનિશ્રી આગમરત્નવિજયજી - મુનિશ્રી ધર્મરત્નવિજયજી આદિ અમારા શ્રમણો અલગ અલગ ટુકડીરૂપે નિશ્રા પ્રદાન કરશે. પૂજ્યશ્રીની જન્મભૂમિ ડભોઈ તીર્થે, વડોદરા - અમદાવાદના વિવિધ સંઘોમાં, પાલિતાણા-સાહિત્યમંદિરમાં અને અમારા સમુદાયના પૂજ્યશ્રીના ગુણાનુરાગી સાધુ-સાધ્વીભગવંતોની નિશ્રામાં પણ મહોત્સવો હજી થશે.

પૂજ્ય ગુરુદેવશ્રી પ્રકાંડ વિદ્વાન, ઉચ્ચ પરિણતિવંત સંયમી મહાપુરુષ અને પ્રબળ પુણ્યપ્રભાવશાળી મહાસમર્થ ધુરંધર શાસનજ્યોર્તિધર હતા. ૬૮ વર્ષના સંયમજીવનમાં પ્રવચનો-પુસ્તકો-વ્યક્તિગત આરાધનાઓ દ્વારા લાખો લોકોને તેઓએ ધર્મમાર્ગે જોડ્યા હતા. પૂ. યુગદિવાકરશ્રીના તમામ અધૂરાં કાર્યોની પરિપૂર્તિ, તેમના તમામે તમામ ગ્રન્થોનું નવસંસ્કરણ - સંપાદન, પૂ. યુગદિવાકરશ્રીકૃત સંસ્કૃત સુમંગલાટીકાનો ૧૦ હજાર શ્લોક પ્રમાણ ગુર્જર ભાવાનુવાદ, પૂ. યુગદિવાકરશ્રીના સર્વપ્રથમ દલદાર જીવનગ્રન્થ 'યુગદિવાકર' નું પ્રકાશન અને સમુદાયમર્યાદાની ગૌરવભરી જાળવણી દ્વારા તેઓશ્રી સાચા અર્થમાં પૂ. યુગદિવાકરશ્રીના વારસદાર અને પૂ. યુગદિવાકરશ્રીની 'ધર્મ' પરંપરાના યશસ્વી સંવાહક બન્યા છે એ નિર્વિવાદ હકીકત છે.

પૂજ્યશ્રી મહાવિદેહક્ષેત્ર જેવા જે શુભ સ્થાને પધાર્યા હશે એ સ્થાન પૂજ્યશ્રીનાં કારણે સમૃદ્ધ થશે, પરંતુ અમે સહુ તો રંક દરિદ્ર થઈ ગયા છીએ એ નરી વાસ્તવિકતા છે. નવ વર્ષની બાળવયથી આજપર્યંત સતત ૩૮ વર્ષ સાથે રાખીને જીવનઘડતર સંસ્કરણ આદિ દ્વારા પૂજ્યશ્રીએ અમારા પર જે અસીમ ઉપકારો કર્યા છે. એનું આંશિક પણ ઋણ અમે ક્રોડો ભવે ય ચૂકવી શકીએ એમ નથી. આ લખવાની ક્ષણે હૈયું ગુરુવિરહના ઘેરા વિષાદથી છલકાય છે, બસ, પૂજ્યશ્રી પાસે આ ક્ષણે એમના અદના ભક્ત સેવકરૂપે બે જ યાચના કરવી છે : (૧) હે ગુરુદેવ ! આપના ઉપકારોની સ્મૃતિજ્યોત જીવનના છેલ્લા શ્વાસપર્યંત હૈયે જ્વલંત જ રહેજો, ગુરુભક્તિના ભાવો રૂપે આપ આજીવન અમારી સાથે જ રહેજો. (૨) આપે અમને સહુને જે રત્નત્રયીસાધનાના સંસ્કારો, તપ-ત્યાગ-અધ્યયનની વૃત્તિ અને પરિણતિનાં સંવર્ધનનાં લક્ષ્યો આપ્યા છે એને અમે સહુ આજીવન વૃદ્ધિંગત કરીએ. એની મર્યાદામાં રહીને જ શાસનપ્રભાવનાદિ પ્રવૃત્તિ કરીએ અને સંઘ-શાસન-સમુદાયનું ઉત્તરદાયિત્વ નિભાવી શકીએ એટલી શક્તિ આપજો.''

- અમારા સાંસારિક પિતાજી પૂ. દિવ્યરત્નવિજયજી મ. શાતામાં છે. તેઓ આ વયે ય સરસ આરાધના કરે છે. પૂજ્ય ગુરુદેવશ્રીના સાંસારિક વડીલ ભગિની ૬૮ વર્ષના સુદીર્ઘ સંયમિની પ્રવર્તિની સા. શ્રી વસંતપ્રભાશ્રીજી આદિ ઠાણા-૨૫ શાતામાં છે. ભાઈ મ. ની ચિરવિદાયનો વિષાદ એમને ખૂબ છે. પરંતુ સાથે જ પૂજ્યશ્રીના પ્રબળ પુણ્યપ્રભાવથી સર્જાયેલ દરેક સવાયા ઉત્તરકાર્યોથી તેઓ પ્રભાવિત પણ છે.

- અમારા યોગ્ય કાર્ય જણાવશો. ... ધર્મારાધનમાં ઉદ્યમશીલ રહેશો.

- દ. વિજય રાજરત્નસૂરિ

સંપર્ક : વિજય રાજરત્નસૂરિ. C/o. મિતેશભાઈ શેઠ
એ-૧૮, અરિહંત સોસાયટી, દામોદરવાડી સામે, અ. ચ. રોડ, કાંદિવલી-પૂર્વ, મુંબઈ-૪૦૦ ૧૦૧. સંપર્ક નં.: ૯૬૧૯૨૭૫૭૩૬ (રાહુલ)

१

# ગુરુ ! રહેજો મારાં અંતરમાં :

-પ. પૂ. આ. ભ. શ્રી વિજય રાજરત્નસૂરીશ્વરજી મ.સા.

એક હૃદયસ્પર્શી વાક્ય વાંચ્યું હતું ક્યાંક કે 'જીવનમાં કેટલીક વ્યક્તિ કિંમતથી નહિ, કિસ્મતથી મળતી હોય છે.' મારે જો આ વાક્યમાં ઉમેરો કરવાનો હોય તો હું એમ લખું કે ''...અને જો એ વ્યક્તિ સદ્ગુરુ હોય તો એમના પ્રભાવે જીવનની દશા - દિશા, રાહ - ચાહ, મહત્તા - ગુણવત્તા વગેરે બધું જ બદલાઇ જાય છે.'' વાસ્તવિકતા આ હોવાથી જ એક કાવ્યકંડિકામાં આવી પ્રસ્તુતિ કરાઇ છે કે :-

पारस और सद्गुरुमें, बडा अंतर जान । एक लोहा कंचन करे, बीजा आप समान ।।

મારું એ સૌભાગ્ય છે કે પૂજયપાદ અનંતોપકારી પ્રૌઢપ્રભાવશાળી દર્ભાવતીતીર્થોદ્ધારક આ. ભ. શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ. સા. રૂપે મને આવા સદ્ગુરુ સંપ્રાપ્ત થયા અને એ પણ કિંમતથી નહિ, કિસ્મતથી. પુરુષાર્થથી નહિ, પણ પુણ્યથી. કિંમતથી - પુરુષાર્થથી મળેલ સદ્ગુરુ એ કહેવાય કે જેમના માટે દીર્ઘકાલ શોધ ચલાવાઇ હોય, જેમના માટે કઠિન તપશ્ચર્યાતુલ્ય જબરજસ્ત આત્મભોગ અપાયો હોય અને જેમની કૃપા ઝીલવા માટે ચિરકાલ પ્રતીક્ષા કરાઇ હોય. એકલવ્યના કિસ્સામાં આ ત્રણે ય બાબત જોવા મળે છે. માટે એને ગુરુની પ્રાપ્તિ કિંમતથી - પુરુષાર્થથી થઇ કહેવાય. જ્યારે મારા કિસ્સામાં આ ત્રણમાંથી એક પણ બાબત નિહાળવા મળતી નથી. માટે મને સદ્ગુરુપ્રાપ્તિ નિઃશંક કિસ્મતથી - પુણ્યથી થઇ મનાય. એટલી સરલતાથી મને સદ્ગુરુ મળ્યા અને એટલી સહજતાથી એ ફળ્યા કે જાણે બગાસું ખાતાં પતાસુ મળ્યું અને મોઢું મીઠું મીઠું થઇ ગયું !! આવો, આપણે સાવ સરલતાથી મળેલ અને સાવ સહજતાથી ફળેલ એ સદ્ગુરુ સાથેનાં સંસ્મરણોની યાત્રા શબ્દોના સથવારે કરીએ :

## (૧)

પૂજ્યશ્રી સાથેનો મારો પ્રથમ સંબંધ થયો પરોક્ષભાવનો. કેમ કે ત્યારે મેં એમને પ્રત્યક્ષ એક પણ વાર નિહાળ્યા ન હતા. પૂજ્યશ્રીનું વિચરણક્ષેત્ર મુંબઇ તરફનું હતું અને મારો સાંસારિક પરિવાર વસતો હતો ડભોઇ તીર્થે. આથી પ્રારંભિક વર્ષોમાં મારા માટે તેઓ પ્રત્યક્ષ દર્શનનો વિષય ન હતા. આમ છતાં બહુ જ નાની વયથી મેં તેમને ગુરુ તરીકે હૃદયમંદિરમાં વિરાજમાન કરી દીધા હતા. બે કારણો એમાં હતા : એક એ કે પરિવારનું ધર્મમય વાતાવરણ જ એવું હતું અને વિશેષપણે માતાના સંસ્કારો જ એવા હતા કે 'દીક્ષા જ લેવાની છે' આ ભાવના ચાર-સાડા ચાર વર્ષની વયથી સ્પષ્ટ હતી. આથી 'મારા પણ એક પોતાના ગુરુમહારાજ હોય' એવી ઉર્મિઓ ઉછળતી હતી. બીજું કારણ એ કે તે વયે મારો પંચપ્રતિક્રમણાદિ અભ્યાસ મુખ્યત્વે સાધ્વીજી ભગવંતો પાસે થયો. ડભોઇમાં ચાતુર્માસાદિ માટે પધારતા સાધ્વીજી ભગવંતો મહદંશે યુગદિવાકર સમુદાયના હતા. તેઓ મને અનાયાસે વારંવાર એ વાત ઘુંટાવતા કે ''તારે દીક્ષા તારા મામામહારાજ પૂ. સૂર્યોદય વિજયજી પાસે લેવાની. ખૂબ હોંશિયાર છે એ.'' માતા પણ આ જ વાત શીખવતી હતી,. આથી ચાર-પાંચ વર્ષની વયથી એ વાત દિમાગમાં જડબેસલાખ બેસી ગઇ કે 'મારા ગુરુ તો પૂ. સૂર્યોદયવિજયજી મહારાજ જ.' અમારા સાંસારિક ઘરે એમની યુવાવસ્થાની એક મોટી તસવીર હતી. ખૂબ પ્રભાવશાળી હતી એ તસવીર. મને યાદ છે કે એ તસવીર જોઇને હું મલકાતો કે 'મારા ગુરુ તો બહુ દેખાવડા - મસ્ત છે.' નિત્ય એ તસવીરને ખમાસમણ દઇ વંદન કરવાના અને પરીક્ષા જેવા દિવસે વંદન બાદ એ તસવીર સામે જ નવકાર ગણી એમના વતી જાતે મસ્તકે વાસક્ષેપ કરવાનો. શ્રદ્ધા ત્યારે એવી છલકાતી કે 'ગુરુમહારાજે વાસક્ષેપ કર્યો છે એટલે પાસ થઇ જ જવાનો.' આ અમારો પ્રથમ સંબંધ. અલબત્ત એ સમજણમૂલક નહિ, પરંતુ વિશ્વાસમૂલક હતો. કિંતુ એમાં જે છલોછલ શ્રદ્ધા હતી એ આજના સમજણમૂલક સંબંધથી જરા પણ અલ્પ ન હતી.

એટલે જ હું માનું છું કે એ પ્રથમ સંબંધ પ્રથમથી જ પરમ સંબંધ હતો...

## (૨)

મને એ વાતની સ્મૃતિ બરાબર છે કે દીક્ષાની વાતો હું ચાર-સાડાચાર વર્ષની વયથી કરતો. એ પછી લગભગ બે-અઢી વર્ષે વિ. સં. ૨૦૩૦ માં હું સાંસારિક માતા સાથે મુંબઇ-વાલકેશ્વર પૂજ્યશ્રીને વંદનાર્થે ગયો. અમારી આ પ્રથમ પ્રત્યક્ષ મુલાકાત હતી. એ બાલવયે મારી પહેલી Impression એ હતી કે 'મારા ગુરુ બહુ જ સારા છે-મજા કરાવે એવા છે અને બહુ જ દેખાવડા છે.' બહુ જલ્દીથી હું એમની સાથે અને અન્ય સહવર્તી શ્રમણો સાથે હળી-મળી ગયો. એ દિવસોમાં મને 'ભક્તામર-કલ્યાણ મંદિર' વગેરે સ્તોત્રોના શ્લોકો નંબરમાત્રથી બોલવાની પ્રભુકૃપાથી સરસ ફાવટ હતી. એથી પૂ. ધર્મસૂરીશ્વરજી

મહારાજ જ્યારે મોટી મોટી વ્યક્તિઓ એમની પાસે આવે ત્યારે મને નંબર પૂછીને ઉપરોક્ત વગેરે સ્તોત્રોના શ્લોકો બોલાવે અને અઢળક ઇનામ અપાવે. તો પૂજ્યશ્રી મને રોજ ત્રણ-ચાર સામાયિકમાં ગાથાઓ કરાવે. રમતિયાળ-મસ્તીખોર વૃત્તિ ખૂબ. એટલે ગાથા સિવાય ખાવું-પીવું-કપડાં સાચવીને મૂકવા વગેરે દરેક વાતમાં હું સાવ બેદરકાર. અરે ! સવારે ઉઠાડે તો જાગ્યા પછી ય દશ-બાર મિનિટ એમ ને એમ પથારીમાં પડ્યો રહું. તો ય પૂજ્યશ્રી એક પણ વાર ગુસ્સે થયા વિના મારી સાથે પ્રેમથી કામ લે. મને ત્યારે એવું થતું કે 'ઘરમાં તો માતા-પિતા બોલે - ટોકે. અહીં તો કોઇ ટોકતું નથી. મજા જ મજા છે.' પાંચેક દિવસના એ સહવાસમાં મને પૂ. ધર્મસૂરીશ્વરજી મ. અને પૂજ્યશ્રીનું વાત્સલ્ય એવું અઢળક મળ્યું કે હું હવે અણસમજથી એમ બોલતો થઇ ગયો કે ''મારા બે ગુરુ મહારાજ : એક ધર્મસૂરીશ્વરજી મ. અને બીજા સૂર્યોદય વિજયજી મહારાજ.'' એ દિવસોમાં 'મામા'ની આ વ્યાખ્યા ભલે મને ખબર ન હતી કે મા+મા=મામા. પરંતુ હમણાં જણાવ્યું તેમ મને એ અનુભવ ત્યારે ચોક્કસ થયો હતો કે માતા કરતાં ય આ મામામહારાજ ખૂબ માયાળુ છે.

બહુ જ નાની વય અને સ્કૂલનો અભ્યાસ એટલે આ રીતે ચાર - પાંચ દિવસ રહેવાના પ્રસંગો ત્રણ વર્ષમાં ત્રણ-ચાર વાર જ બન્યા...

(૩)

સદ્ગુરુનાં કર્તવ્યનો નિર્દેશ કરતા એક હિંદી કાવ્યપંક્તિમાં મજાની વાત કરાઇ છે કે :-

गुरु कुंभार शिष्य घट है, घडी घडी काढे खोड । भीतर हाथ संवार दे, बाहिर मारे चोट ।।

પૂજ્યશ્રીના આ કુંભારકર્મનો - જીવનશિલ્પ નિર્માણકર્મનો મને પ્રથમ અનુભવ થયો વિ.સં. ૨૦૩૩માં. એ વર્ષે પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીની પ્રભાવક નિશ્રામાં મુંબઇથી બે હજાર યાત્રિકો સાથેનો ઐતિહાસિક શત્રુંજય મહાતીર્થ પદયાત્રા સંઘ ડભોઇ તીર્થે આવ્યો. આ ગ્રન્થમાં ઉલ્લેખ છે તેમ ડભોઇના અંજનશલાકા - પ્રતિષ્ઠા - દીક્ષા મહોત્સવ દરમ્યાન મારા બે વડીલ સાંસારિક બેનોની દીક્ષા થઇ અને તે સમયે પૂ. ધર્મસૂરિદાદાની જાહેર પ્રેરણાથી મારા સાંસારિક પરિવારજનોએ મને જાહેરમાં વહોરાવ્યો. તે પછી મારે પૂજ્યશ્રીની નિશ્રામાં વિશેષ રહેવાનું થયું. અલબત્ત, વહોરાવાયો ત્યારે જાહેર થયું હતું તે મુજબ મારે સ્કૂલનો અભ્યાસ જારી રાખવાનો હતો અને મહત્તમ સમય પૂજ્યશ્રી પાસે મુમુક્ષુરૂપે રહેવાનું હતું. તે પછી પૂજ્યશ્રી નક્કી કરે ત્યારે દીક્ષાપ્રસંગ યોજવાનો હતો. પરંતુ એ વર્ષથી મારી મુમુક્ષુ તરીકેની જવાબદારીભરી તાલીમ શરૂ થઇ ગઈ. એનો પ્રથમ પ્રયોગ હતો પદયાત્રા સંઘના વિહારો દરમિયાનનો. પૂજ્યશ્રીની કડક શિસ્તનો અનુભવ મને ત્યારથી જ બરાબર થવા માંડ્યો.

નવ વર્ષ જેવી સાવ નાની વય અને પરિવારનું સૌથી નાનું સંતાન એટલે ઉછેરમાં લાડ-કોડ ખૂબ મળ્યા હતા. આથી જવાબદારી જેવું કોઇ તત્ત્વ મારામાં હતું નહિ. હા, કુદરતી જ બાલવયથી મને અભ્યાસનો લગાવ 'શોખ' જેવાં સ્તરનો હતો. એથી ગાથાઓ કંઠસ્થ કરવામાં અને સામાયિક કરવામાં મજા આવતી. આ સિવાય દરેક બાબતે હું સાવ શૂન્ય. મારા પથ્થર જેવા જીવન પર પૂજ્યશ્રીનાં શિસ્તનાં ટાંકણાં બરાબર લાગવા માંડ્યા. પહેલી શિસ્ત એમણે એ શીખવી કે સમય સાચવવો. નિશ્ચિત સમયે સામાયિક તો નિશ્ચિત સમયે પૂજા; નિશ્ચિત સમયે નવી ગાથાઓ તો નિશ્ચિત સમયે સ્વાધ્યાય : ગમે તે સમયે ગમે ત્યાં વાતો કરવા બેસી જવાનું નહિ. પાંચ-દશ મિનિટ પણ વિલંબ થાય તો તેઓ મારી પાસે સમયનો હિસાબ માંગે. બાલસહજ ચંચળતાથી મને ક્યાંક અભ્યાસના સમયે સમયક્ષેપ કરતા - વાતો કરતા જુએ કે પૂજ્યશ્રીની ટકોર આવે જ આવે. ધીમે ધીમે સમયની શિસ્ત એવી કેળવાઇ ગઇ કે મને ખુદને જ સમયબદ્ધ જીવનશૈલી રુચિકર બની ગઇ. મારા પરિચિત ઘણા ભાવિકો આજે એમ કહે છે કે ''સમયની બાબતમાં રાજરત્નસૂરિજી મ. ઘણા નિયમિત અને Befortime તૈયાર હોય છે. એમનાં કાર્યો સમયસર પૂર્ણ જ હોય.'' આનાં મૂળમાં પૂજ્યશ્રીએ કેળવેલ સમયશિસ્ત હતી. આંબા પર મહોરેલ કેરીની પ્રશંસા કરનાર ઘણા હોય છે. પરંતુ એ માટે આત્મભોગ આપનાર ધરતીમાં ધરબાયેલ ગોટલીને કેટલા યાદ કરે છે, ભલા ?

પૂજ્યશ્રીએ બીજી શિસ્ત એ શીખવી કે સામગ્રી સાચવવી. મારા વપરાશની એક પણ ચીજ અવ્યવસ્થિત મુકાઇ હોય તો પૂજ્યશ્રી ન ચલાવે. સામાયિક-પ્રતિક્રમણ બાદ ચરવળો-કટાસણું ગમે ત્યાં ન રહી જવું જોઇએ, તો અભ્યાસ કરીને ઉભા થતા પુસ્તક અને સાંપડો એનાં સ્થાને મુકાઇ જ જવા જોઇએઃ આ પૂજ્યશ્રી દ્વારા અપાતી કેળવણી હતી. આ કેળવણીએ ભાવિમાં વસ્ત્ર-પાત્ર-કામળાદિ ઉપકરણોની યથાસ્થાને જાળવણી તો શીખવી જ. ઉપરાંત લેખનાદિ કાર્યોમાં પણ એવી શિસ્ત પ્રગટાવી કે હાથ પર લીધેલ કાર્ય થોડું પણ અધૂરું મૂકી અન્ય કાર્યો હાથ પર ન લેવાં. સર્વપ્રથમ આદરેલ કાર્ય સંપૂર્ણ કરવું ને પછી જ નવાં કાર્યમાં મન પરોવવું...પૂજ્યશ્રીની ત્રીજી શિસ્ત હતી સ્વાધ્યાય-જાપ સંબંધી. એમનો નિયમ મારા માટે એ હતો કે નિત્ય રાત્રે ક્રમશઃ બધા જ કંઠસ્થ સૂત્રો આવરી લેવાય તે રીતે સ્વાધ્યાય મુખપાઠ કરવો. અને પ્રભાતે નવી ગાથા શરૂ કરત પૂર્વે છેલ્લા દિવસોમાં કંઠસ્થ કરેલ એકસો ગાથાનો મુખપાઠ સ્વાધ્યાય કરવો. એમાં જે ગાથાઓ કાચી હોય એ તે જ સમયે પાકી કરી લેવી. પછી જ નવી ગાથા શરુ કરવી. આ સ્વાધ્યાયશિસ્તનું સરસ પરિણામ એ આવ્યું કે મારા કરેલ બધા જ સૂત્રો કાયમ ઉપસ્થિત રહેતા. એ માટે મારે કોઇ અલગ દિવસો આપવાની જરૂર ન રહી. મને યાદ છે કે વિ. સં. ૨૦૩૩ના પાલિતાણા - સાહિત્યમંદિરમાં એક વાર મેં રોજની દશ ગાથાઓ સાતત્યસભર કરી બે માસમાં છસો ગાથાઓ કંઠસ્થ કરી. છેલ્લા દિવસે મારે

ડભોઇ જવાનું હતું.

પૂજ્યશ્રીએ છસો ગાથા એક સાથે સંભળાવવાનું જણાવ્યું તો સવા કલાકમાં તમામ નવી છસો ગાથા સડસડાટ સંભળાવી દીધી. આવું જ વિ. સં. ૨૦૪૩માં ભાયંદર-બાવન જિનાલય તીર્થના અંજનશલાકા - પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે બન્યું. ત્યાં નવા ગ્રન્થ આવ્યા ન હોવાથી પંદર દિવસ સિદ્ધહેમશબ્દાનુશાસનનો અભ્યાસ સ્થગિત રહ્યો. એ દરમિયાન 'પ્રશમરતિ' ગ્રન્થના નિત્ય પચીશ શ્લોકો કંઠસ્થ કરવાનો ઉપક્રમ રાખ્યો. ઉપરોક્ત શૈલીથી એ અભ્યાસ કરતા તેરમા દિવસે સવારે ૩૧૩ શ્લોકનું સૂત્ર સંપૂર્ણ થયું અને તે સમયે તમામ શ્લોક મેં પૂજ્યશ્રીને એક સાથે આપ્યા. પૂજ્યશ્રીની સ્વાધ્યાય શિસ્તની આ કમાલ હતી. આજે મોટાં સૂત્રો પૂર્ણ થયા બાદ એને પાકાં કરવા માટે પાંચ-સાત દિવસનો નવો સમય અપાતો નિહાળું છું ત્યારે મને પૂજ્યશ્રીની આ સરસ સ્વાધ્યાયશિસ્ત સ્મરણમાં આવે છે.

આ જ રીતે જાપ-આરાધના માટે તેમની શિસ્ત એવી હતી કે નિયત સમયે નિયત માળા અવશ્ય ગણવી. મુમુક્ષુપણામાં ય એના વિના સૂવા ન મળે : જાણે કે 'काले कालं समायरे' આ દશવૈકાલિક ગ્રન્થનું વચન પૂજ્યશ્રીએ મારામાં બહુ ચુસ્તતાથી આરોપિત કર્યું હતું. પૂજ્યશ્રીની હજુ એક શિસ્ત હતી ભોજન અંગેની. ઘરે કેટલાક મનપસંદ ભોજનદ્રવ્યો હોય તો જ બપોરનું ભોજન મેં કર્યું હતું, તો કેટલાક ભોજનદ્રવ્યો ન જ જોઇએ એવો કાયમી આગ્રહ રાખ્યો હતો. મારા ભોજનના ગમા-અણગમા બહુ વિ-લક્ષણ હતા. પૂજ્યશ્રીના ખ્યાલમાં આ વાત આવતા એમણે મને શાંતિથી સમજાવ્યું કે ''દીક્ષા લેવી હોય તેને આવા કોઇ જ આગ્રહ ન ચાલે. ભાવતું - ન ભાવતું - ઠંડું - ગરમ બધું જ પ્રસન્નભાવે સ્વીકારે એ જ દીક્ષા લઇ શકે. તારે દીક્ષા સ્વીકારવી હોય તો ભોજનના તમામ ગમા-અણગમા છોડવા જોઇશે.'' બે માસમાં તો મારી તમામ આદતો દૂર થઇ ગઇ. કેમ કે મારે દીક્ષા લેવી હતી. આજે ક્યાંક ક્યાંક મુમુક્ષુને ખુશ રાખવા મનગમતા ખાદ્ય પદાર્થો અપાતા નિહાળું છું ત્યારે પૂજ્યશ્રીની દૂરંદેશીભરી ભોજનશિસ્ત સ્મૃતિમાં આવે છે કે જો બાલમુમુક્ષુઓને દીક્ષા પછી મનગમતા ભોજ્ય પદાર્થોના આગ્રહથી મુક્ત રાખવા હોય તો મુમુક્ષુપણાથી જ એમનામાં એવી સંયમિતતા પ્રેમથી કેળવવી જરૂરી છે. કેમ કે આખર તો શ્રમણાવસ્થામાં એમને આપણે દશવૈકાલિકગ્રન્થકથિત પેલી ભૂમિકા સુધી લઇ જવાના છે કે :-

तित्तगं व कडुअं व कसायं, अंबिलं व महुरं व लवणं वा । एयलद्धमन्नत्थपउत्तं, महु घयं व भुंजिज्ज संजए ।।

મતલબ કે કટુ-તીખું-તુરું-ખાટું-મધુર કે ખારું : જે ભોજનદ્રવ્ય મળે તે મોક્ષસાધનામાં સહાયક છે એમ સમજી સંયમી પુણ્યાત્મા એને મધ-ઘી જેવું ઉત્તમ માનીને વાપરે.

(૪)

વિ.સં.૨૦૩૪નાં ચાતુર્માસનો એક દિવસ. 'સુઘોષા' સામાયિકના તંત્રી શ્રી સોમચંદ ડી. શાહ સાહિત્યમંદિરના પ્રવચનહોલમાં શ્રાવિકાશ્રમની બેનો સાથે પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીને વંદનાર્થે આવ્યા. પૂ. યુગદિવાકરશ્રી ત્યારે અલ્પ સમય પૂર્વે જ PARALYSIS ગ્રસ્ત બન્યા હતા. માંગલિક શ્રવણ બાદ પૂજ્ય પરમગુરુદેવશ્રીએ મને ઇશારો કરતા મેં 'સિંદૂરપ્રકર' ગ્રન્થના છત્રીશમા શ્લોકનું છંદોબદ્ધ ગાન કર્યું . એ પછી બીજા બે-ત્રણ શ્લોક ક્રમાંક પુછાતા તે પણ કહ્યા. આ ઘટનાના બે માસ બાદ મારું દીક્ષામૂહુર્ત વધાવાતા શ્રી સોમચંદભાઇને 'સુઘોષા'માં મારો પરિચય લખવાની ભાવના થઇ. પૂજ્યશ્રી પાસેથી તેઓ મુખ્ય મુદ્દા નોંધી એક તસવીર લઇ ગયા. હું ડભોઇ હતો ત્યારે 'સુઘોષા' માં એ મુલાકાત પ્રગટ થઇ. 'આદર્શ બાળક : એક રોમાંચક મુલાકાત' આ શીર્ષક સાથેના બે પેજના અહેવાલમાં શ્રી સોમચંદભાઇએ પૂર્વોક્ત મુલાકાતને HIGHLIGHT કરીને એમાં મારો અભ્યાસ-ધર્મારાધના નિર્દેશના અંતે દીક્ષાની વાત આલેખી હતી. મને સ્વયંને આશ્ચર્ય એ થયું કે એ અહેવાલમાં મારી તસવીર પૂજ્યશ્રી સાથેની ન હતી, પૂ. યુગદિવાકરશ્રી સાથેની હતી!! એ બાલવયે મને 'સુઘોષા' વાંચતા પ્રથમ વિચાર એ આવ્યો કે 'પૂજ્યશ્રીએ પોતાની સાથેની તસવીર આપવાનાં સ્થાને પૂ. ધર્મસૂરિદાદા સાથેની તસવીર કેમ આપી હશે ? મારા ગુરુદેવ તો તેઓ જ થવાના હતા.' થોડી સમજણની અવસ્થા આવ્યા બાદ ચિંતન કરતા સમજાયું હતું કે આ ઘટના તો પૂજ્યશ્રીના આદર્શ ગુરુસમર્પણભાવની દ્યોતક છે. એ વિના પોતાના જીવનના અતિ મહત્ત્વના પ્રસંગે જાતને ગૌણ કરી પરમગુરુદેવને મુખ્યતા આપવાની ભાવના શે પ્રગટે ? આ ઘટના તેમજ પ્રત્યક્ષ અનુભવાતી ગુરુસમર્પણભાવની પૂજ્યશ્રીસંબંધિત અનેક ઘટનાઓએ મારાં જીવનમાં ગુરુભક્તિ-ગુરુસમર્પણનો આદર્શ પ્રગટાવ્યો છે...

(૫)

વિ.સં.૨૦૩૫ ના માગશર શુદિ પાંચમે પાલિતાણામાં પૂ. યુગદિવાકર પરમગુરુદેવના હસ્તે મારી દીક્ષા થઇ. ત્યારે મારી વય હતી ૧૧ વર્ષ અને ૩૫ દિવસ!! આટલી નાની વય છતાં મને ચોક્કસ યાદ છે કે સંયમજીવનના શૈશવકાળમાં મને હૂંફ - વાત્સલ્યની દષ્ટિએ એક પણ વાર મારા સાંસારિક માતા-પિતા યાદ આવ્યા ન હતા. ખૂબ અસંદિગ્ધ ભાવે લખું તો મને માતા-પિતા કરતાં ય અધિક લગાવ પૂજ્યશ્રી પ્રત્યે હતો. શ્રીમાન સિદ્ધર્ષિગણિવરે પ્રભુ માટે લખેલ શ્લોક મને પૂજ્યશ્રી માટે ટાંકવાનું મન થાય છે કે :-

त्वं माता त्वं पिता बन्धु – स्त्वं स्वामी त्वं च मे गुरुः। त्वमेव जगदानन्द !,जीवितं जीवितेश्वरः।।

કેમ કે મારા માટે તેઓ માતા-પિતા-ભાઇ-માલિક-ગુરુ-જીવન બધું જ હતા. પૂરી જિંદગી જે આ અનુભૂતિ રહી તેનાં મૂળમાં મને લાગે છે કે પૂજ્યશ્રીનું વાત્સલ્ય હતું. દીક્ષાના પ્રથમ માસમાં જ એમના આ વાત્સલ્યનો મને અદ્ભુત અનુભવ થયો. એ વર્ષે ય પૂજ્યશ્રીએ નવાણું યાત્રા શરૂ કરી હતી. મારી દીક્ષા પછી પણ એમણે નવાણું

યાત્રા જારી રાખી હતી.
કુલ ચાલીશેક યાત્રાઓ થઈ. પરંતુ એમને ખ્યાલ આવ્યો કે આ યાત્રાઓ કરવા જતાં બાલમુનિનું બરાબર ધ્યાન રાખી શકાતું નથી. નવી નવી દીક્ષા હતી, શ્રમણદિનચર્યા હજુ ગોઠવાઈ રહી હતી અને સાથે વડીદીક્ષાસંબંધી યોગોદ્વહન થઈ રહ્યા હતા. આથી પૂજ્યશ્રીએ માત્ર મારી કાળજી - ખેવના માટે નવાણું યાત્રા સ્થગિત કરી દીધી. એમને એ ય ખબર હતી કે થોડા સમય બાદ પાલિતાણાથી વિહાર થવાનો છે. માટે યાત્રા સ્થગિત કરતા નવાણું પૂર્ણ નહિ થાય. છતાં તેઓશ્રીએ આ નિર્ણય કર્યો. જેઓએ નવદીક્ષિત બાલશિષ્યની કાળજી માટે આટલો મોટો આત્મભોગ આપ્યો હોય એ ગુરુદેવ પ્રત્યે **'જીવનસર્વસ્વ'** જેવો ભાવ કેમ ન જાગે? આજે સમજણની સ્થિતિનો એ ભાવ છે, ત્યારે લાગણીની લિપિનો એ ભાવ હતો. એટલું જ કહી શકાય પૂજ્યશ્રી માટે કેઃ-

કોઈ બીજાનું નામ હૈયે સ્થાન લઈ શક્યું નથી... ગુરુ ! આપના જેવો પ્રેમ કોઈ દઈ શક્યું નથી...

(૬)

એક સંસ્કૃત સુભાષિતમાં ગુરુતત્ત્વનો મહિમા દર્શાવતા જણાવાયું છે કેઃ-

स्यादक्षरपदप्राप्ति – द्वेधाऽपि गुरुयोगतः। गुरुरूपेण भूभागे, प्रत्यक्षः परमेश्वरः।।

ભાવાર્થ કે ગુરુ દ્વારા બે રીતે અક્ષરપદની પ્રાપ્તિ થાય. એક, લિપિમય અક્ષરના પદની. અને બે, અક્ષર અર્થાત્ મોક્ષના પદની. ગુરુ તો આ પૃથ્વી પર વિચરતા સાક્ષાત્ ભગવાન છે!! મને લાગે છે કે પૂજ્યશ્રીના સંદર્ભમાં આ શ્લોક મને સંપૂર્ણ લાગુ પડે છે. તેઓશ્રીએ મને અક્ષરપદ અર્થાત્ જ્ઞાન તો આપ્યું, ઉપરાંત મારા અક્ષર મોતીના દાણા જેવા સરસ બનાવવાનો ઉપકાર પણ કર્યો. મને ખ્યાલ છે કે શાળાકીય અભ્યાસનાં વર્ષોમાં મારા અક્ષર બરાબર ન હતા. પરંતુ દીક્ષા બાદ મારા માટે પૂજ્યશ્રીએ એક નવો નિયમ શરૂ કર્યો કે નિત્ય અર્ધો કલાક મરોડદાર અક્ષરે લખવું. ત્યારની બાળવયે મને ખ્યાલ ન હતો કે યોગ્ય સમયે કરાવાયેલ આ પુરુષાર્થ મારા માટે કેવો ફળદાયી બનશે. મારી તો ત્યારે એ જ વિચારણા હતી કે ગુરુવાક્ય એટલે બ્રહ્મવાક્ય. કાંઈ બીજી વિચારણાનો અવકાશ જ ત્યાં ન હતો. આ નિત્ય લેખનનો જબરજસ્ત લાભ એ થયો કે સવા વર્ષમાં મારા અક્ષરનો જાણે કે 'કાયાકલ્પ' થઈ ગયો. એવા અગણિત અનુભવો થયા છે કે મારા દ્વારા લખાયેલ પ્રથમવારનો પત્ર યા લેખ વાંચનાર વ્યક્તિઓ એમાંના અક્ષરોથી પ્રભાવિત થઈ જાય. આનો સાચો યશ મને નહિ, કિંતુ પૂજ્યશ્રીને જ આપવો યોગ્ય ગણાય. કેમ કે એમણે મારી બાલવયે અક્ષરો માટેની ચીવટ રાખી તો આ પરિણામ હાંસલ થયું, અન્યથા ન થાત. જેમ મારા અક્ષરની સુધારણા પૂજ્યશ્રીને આભારી હતી, તેમ મારાં જીવનની અક્ષરપદ (મોક્ષ)ની યાત્રા પણ પૂજ્યશ્રીને જ આભારી છે. પછી એ પૂજ્યશ્રી મારા માટે પ્રત્યક્ષ પરમેશ્વરરૂપ જ હોય ને?

(૭)

અજૈન પરંપરામાં ગુરુતત્ત્વનો મહિમા દર્શાવતા પ્રસિદ્ધ શ્લોકમાં એક પંક્તિ મળે છે કે 'गुरुर्देवो महेश्वरः'. આ મહેશ્વર અર્થાત્ શંકરનું કાર્ય છે વિનાશનું. સદ્ગુરુ પણ વિનાશ કાર્ય કરે છે. એ શિષ્યનાં જીવનમાં પ્રવર્તતા દોષોનો - ખામીઓનો - ઉણપોનો વિનાશ કરે છે, માટે એમને મહેશ્વરની ઉપમા અપાઈ છે.

એક હિંદી પંક્તિમાં તો મજાની વાત કહેવાઈ છે કે :-

गुरु से सच्चे और गुरु से अच्छे कोई दोस्त नहि, जो शिष्य के दोषो को जमींदोस्त करते है।।

પૂજ્યશ્રીએ મારા માટે આ મહેશ્વરકર્તવ્ય અનેક વાર અદા કર્યું છે. આપણે એના બે-ત્રણ પ્રસંગો નિહાળીએઃ

વિ.સં.૨૦૩૬નો એક પ્રસંગ. અમે ગુજરાતથી વિહાર કરી તાજા જ મુંબઈમાં આવ્યા હતા. પૂ. પરમગુરુદેવની નિશ્રા હતી. કાંદિવલી-ચતુર્વિંશતિ જિનાલયની શાનદાર અંજનશલાકા પ્રતિષ્ઠા બાદ રોજ નવા નવા ઉપનગરોમાં સામૈયા -પ્રવચનો-અનુષ્ઠાનોની પરંપરા ચાલતી હતી. એમાં દાદર પહોંચ્યા ત્યાં મને તાવ આવ્યો. તાવનાં કારણે એ દિવસે અભ્યાસમાં આરામ હતો. ઢળતી બપોરનો સમય. મેં મનોમન વિચાર્યું કે આજે તો તાવ છે. એથી પ્રતિલેખનક્રિયા બેઠા બેઠા કરવી છે. પરંતુ જ્યાં ઈરિયાવહી શરૂ કર્યા ત્યાં તરત જ પૂજ્યશ્રીની ટકોર આવી : ''તાવ ભલે આવ્યો. પણ એવી કોઈ અશક્તિ નથી કે આવશ્યક ક્રિયા બેસીને કરવી પડે. નાની વયથી દરેક ક્રિયા ઉભા ઉભા જ કરવાની આદત રાખવી.'' મેં ઊભા થઈ જઈને પ્રતિલેખનક્રિયા કરી. પરંતુ ત્યારથી મનમાં એક સજ્જડ છાપ ઉપસી કે માંદગી હશે તો ય એક પણ ક્રિયામાં પ્રમાદ ચાલવાનો નથી. આનું સરસ પરિમાણ એ આવ્યું કે આજે પણ તમામ ક્રિયાઓ ઉભા ઉભા - અપ્રમત્તપણે કરવાનો ઉપક્રમ જળવાયો છે. અરે! અમારા સમગ્ર શ્રમણ પરિવારમાં આજે ય સાંજની જેમ સવારનું પ્રતિક્રમણ સંપૂર્ણતઃ ઉભા જ કરવાના સંસ્કાર ઝળહળી રહ્યા છે અને એ પણ સામૂહિક માંડલીમાં!! પૂજ્યશ્રીનાં શંકરકર્તવ્યની - આશ્રિતોનાં દોષનિવારણની ખેવનાની આમાં મહત્ત્વની ભૂમિકા રહી હતી...

* વિ. સં. ૨૦૩૭. મુંબઈના એક સંઘમાં અમને અન્ય સમુદાયના શ્રમણો મળ્યા. એમાંના એક બાલશ્રમણ પાસે એ સમયે તાજી શોધાયેલ Electronic Videogame હતી. મને એ એવી ગમી ગઈ કે મારા માટે એ

મંગાવી આપવાનું પૂજ્યશ્રીને કહેવાનું મન થયું. જો કે મનમાં ઊંડે ઊંડે ભય પણ હતો કે પૂજ્યશ્રી આ વાત સ્વીકારશે નહીં, ના જ કહેશે. છતાં સાચવી સાચવીને મેં પૂજ્યશ્રીને વિનંતિ કરી કે ''મને આ એક જ Game અપાવો. પછી કદી બીજી કોઈ Game નહિ માંગુ.'' કોઈ જ ખોટી લાગણીમાં તણાયા વિના પૂજ્યશ્રીએ સ્પષ્ટ ના કહી દીધી કે ''આવી વિરાધનાભરી Game આપણે ન વપરાય. આપણે તો પુસ્તક એ જ Game. મન થાય ત્યારે અભ્યાસ સિવાયના સમયે થોડી વાર મનગમતા વાર્તાનાં પુસ્તકો વાંચી લેવાના. એથી વિશેષ કાંઈ નહિ...'' મારી મજાલ ન હતી કે પૂજ્યશ્રીની સામે કાંઈ બોલી શકું. બે દિવસ મનમાં ખૂબ વસવસો રહ્યો. પછી વાત મનમાંથી નીકળી ગઈ...

અહીં ખાસ નોંધપાત્ર બાબત એ છે કે શૈશવનાં એ વર્ષોનાં આ ખામીનિવારણના પ્રસંગો હો કે પૂર્વે જણાવી એ શિસ્તસંબંધી વાતો હોઃ પૂજ્યશ્રીએ ક્યાં ય મારા પર હાથ ઉપાડ્યો હોય એવી એક પણ ઘટના મને બાલપણની યાદ નથી. એ હાથ ન ઉઠાવતા, પરંતુ એમનો કડપ-પ્રતાપ જ એવો હતો કે એમની ઈચ્છાવિરુદ્ધ બોલવાની હિંમત જ ન થતી. માર વિનાનું ઘડતર : એ પૂજ્યશ્રીનાં જીવનની ઘણી મોટી સફળતા હતી.

* અન્ય એક પ્રસંગ યાદ આવે છે વિ. સં. ૨૦૩૮નો. પાયધુની-ગોડીજી સંઘના એ વર્ષનાં ચાતુર્માસમાં અમે એક દિવસ ઠાકુરદ્વાર-શાંતિનાથજિનાલયે દર્શન માટે જઈ રહ્યા હતા. સરખેસરખા શ્રમણો હતા. એમાં એકે એવી વાત શરૂ કરી કે જેનું સ્વરૂપ નિંદા-વિકથા જેવું હતું. હું રસથી એ સાંભળતો હતો. મને ખ્યાલ ન હતો કે પાછળ થોડે જ દૂર ચાલી રહેલ પૂજ્યશ્રીનાં ધ્યાનમાં આ વાત બરાબર આવી છે. ઉપાશ્રયે પહોંચ્યા બાદ પૂજ્યશ્રીએ મને બોલાવીને કહ્યું : ''જે બાબતથી આપણાં જીવનમાં ગલત સંસ્કારો પડે એવી એક પણ બાબતમાં રસ ન લેવો. દુનિયામાં તો રોજ રોજ હજારો બાબતો નકારાત્મક બન્યા કરવાની. આપણે એ બધામાં રસ લઈએ તો આપણું જીવન નકારાત્મક બની જાય. નક્કી કરી લે આજથી કે જે બાબત આપણા માટે નિરુપયોગી અથવા નુકસાનકારી હોય એમાં રસ ન લેવો.'' આ ઘટનાથી વ્યર્થ બાબતોથી નિવૃત્તિના સંસ્કાર જડબેસલાખ જામી ગયા. એથી આજે પણ કોઈ બાબત આવે ત્યારે આપોઆપ એ વિવેક થઈ જાય છે કે 'આ બાબત મારા માટે લાભદાયી છે કે નુકસાનકારી ? જરૂરી છે કે બિનજરૂરી ?' જો એ અહિતકારી કે બિનજરૂરી લાગે તો તુર્ત એનાથી દૂર રહેવાનું વલણ રચાઈ જાય છે.'

પૂછવું છે પૂજ્યશ્રીને કે આપ માળી તો હતા નહિ, તો પછી મારા જીવનઉપવનમાં ગુલાબછોડ રોપતા પૂર્વે એમાંથી દોષોની-ખામીઓના કાંટા-ઝાંખરાનાં નિંદામણની આ માળી સમી પ્રક્રિયા આપ ક્યાંથી શીખી લાવ્યા ?

## (૮)

કાર્યસિદ્ધિના અનેક પરિબળો પૈકી એક પરિબળ છે ઉત્સાહ. ઉત્સાહ જ્વલંત હોય તો ઘણી વાર શક્તિ બહારનાં જણાતા કાર્યો પણ વ્યક્તિ જોમ-જુસ્સાથી પરિપૂર્ણ કરી શકે અને જો ઉત્સાહ મંદ થઈ જાય-શૂન્ય થઈ જાય તો શક્તિશાળી વ્યક્તિ સ્વયોગ્ય કાર્ય પણ ન કરી શકે. ઉત્સાહનું આ મહત્ત્વ હોવાથી 'ધનંજય નામમાલા' ગ્રન્થમાં ઉત્સાહને પરાક્રમના પર્યાયવાચી શબ્દરૂપે સ્થાન અપાયું છે. મારા શ્રમણજીવનનાં શૈશવમાં જ્યારે જ્યારે ઉત્સાહનો દીપક બુઝાવાની અણી પર આવી ગયો ત્યારે ત્યારે પૂજ્યશ્રીએ એની વાટ સંકોરવાનું - એમાં ઘી પૂરવાનું મજાનું પ્રકાશકાર્ય કર્યું છે. એક આવો પ્રસંગ બન્યો વિ. સં. ૨૦૩૯માં.

દીક્ષા બાદના મારાં ચાર ચાતુર્માસ થયા સમુદાયની સાથે. એથી ઘણા બધા સહવર્તી સાથીઓ મળે. પૂ. યુગદિવાકર પરમગુરુદેવના કાલધર્મ પછીનાં વર્ષથી એટલે કે વિ.સં. ૨૦૩૯નાં વર્ષથી અમારાં સ્વતન્ત્ર ચાતુર્માસો શરુ થયા. એમાં એક વૃદ્ધ મુનિવર સહિત અમે કુલ ત્રણ શ્રમણો હતા. પૂજ્યશ્રી અને મારી વચ્ચે વયનું અંતર ખૂબ મોટું. એથી મને કોઈ સમાન વયસ્ક સાથીદાર ન મળ્યો. પ્રારંભના દશ-બાર દિવસ તો મને સાવ એકાકી થઈ ગયા જેવું લાગતુ હતું. ઊંડે ઊંડે એમ થતું હતું કે કોઈ એક મિત્ર જેવા બાલશ્રમણ હોય તો સરસ રહે. સાંઘાણી એસ્ટેટ સંઘનો એ ઉપાશ્રય હતો. એક દિવસ સાંજે મેં પૂજ્યશ્રી સમક્ષ મારી મૂંઝવણ રજૂ કરી કે ''આ ચાતુર્માસમાં મને ખૂબ એકલતા લાગે છે. ગમતું નથી.'' પૂજ્યશ્રીએ ગુસ્સે થવાના કે ધુત્કારવાના બદલે મને દશ મિનિટ ખૂબ લાગણીથી ત્રણ મુદ્દા ખૂબ સરસ સમજાવ્યાં કે (A) અભ્યાસનાં આ વર્ષોમાં એકલતા તો ખૂબ સહાયક છે - આશીર્વાદરૂપ છે. આમાં જેટલો અભ્યાસ કરવા ધારીએ એટલો થઈ શકે. જો સાથે કોઈ બાલશ્રમણ હોય તો ગપ્પા-વાતો-મસ્તીમાં ઘણો બધો સમય વેડફાઈ જાય. એનાં કરતા આ એકલતા બહુ ઉપકારક છે. (B) જે સતત અભ્યાસરત હોય એને એકલતા જેવું કાંઈ લાગે જ નહિ. તારે અભ્યાસમાં બરાબર મગ્ન થઈ જવાનું. પછી એકલતા યાદ પણ નહિ આવે. ઉપરથી એમ થશે કે કોઈ વિક્ષેપ કરનાર ન હોય તો સારું. (C) માતા-પિતાએ નાની વયે જે હેતુથી દીક્ષા આપી છે એ હેતુ સિદ્ધ કરવાનો આ જ અવસર છે. એમાં ગમા-અણગમા જેવી કોઈ વાત વચ્ચે લાવવી નહિ...''

આ ઘટના બાદ મને ક્યારે ય એકલતા જેવું લાગ્યું નહિ. ઉપરથી અભ્યાસ કરવાના એક નવા ઉત્સાહનો-જુસ્સાનો સંચાર થઈ ગયો. પછી તો ધીમે ધીમે એ સ્થિતિ સર્જાઈ ગઈ કે કોઈ વાતો કરવા આવે તો મને એ Timewaste જેવું લાગે. એવાઓથી દૂર રહેવાની લાગણી થાય. આ જ ચાતુર્માસાંતે વાલકેશ્વર-સુપાર્શ્વનાથ સંઘમાંથી પૂ.

યુગદિવાકરશ્રીના સાંસારિક સ્વજન ઇંદિરાબેન દિનેશભાઇ પૂજ્યશ્રીને વંદન કરવા આવ્યા. એમના સંઘમાં ત્યારે ચાતુર્માસસ્થિત પૂ. મુનિરાજશ્રી યશોભદ્ર વિજયજી મ. ડહેલાવાળા (હાલ આચાર્ય)ને ટાંકીને એમણે પૂજ્યશ્રીને કહ્યું : ‘‘એ કહેતા હતા કે પં. સૂર્યોદય વિજયજી મહારાજ બાલમુનિ માટે ખૂબ ચીવટ રાખે છે. માટે બાલમુનિ ભવિષ્યમાં ચોક્કસ આગળ વધશે.’’ પૂજ્યશ્રીનાં મુખ પર ત્યારે વણકથ્યો સંતોષ ઝબકી ગયો હતો.

જો કે, એ વર્ષોમાં એકાદ પણ Game નહિ આપવાની સખ્તાઇ રાખનાર પૂજ્યશ્રીએ મને એક બાબતમાં છૂટ આપી હતી. એ બાબત હતી વાર્તાઓ. અભ્યાસના સમય સિવાય એક-દોઢ કલાક મને વાર્તાઓ વાંચવાની છૂટ હતી. બે વર્ષના સમયખંડમાં નહિ નહિ તો બસોથી વધુ વાર્તાઓનાં પુસ્તકો મેં વાંચી લીધા હશે. વાર્તાઓ વાંચવાનો જાણે કે એક જબરજસ્ત Craze હતો. પૂજ્યશ્રી તકેદારી માત્ર એટલી રાખતા કે અભ્યાસના સમયે હું વાર્તાઓ ન વાંચું. આ વાર્તાઓનાં વાંચનનો અનાયાસે મોટો લાભ એ થયો કે મારી ભાષા-લેખનશૈલી આપોઆપ ઘડાઇ ગઇ : કોઇ જ આયાસ-પ્રયાસ વિના!! મને યાદ છે કે દીક્ષાના ચોથા વર્ષથી પત્રોમાંની મારી ભાષા વાંચીને પૂજ્યશ્રીએ મને એક વાર કહ્યું હતું કે ‘‘અભ્યાસ થઇ જાય એ પછીનાં વર્ષોમાં તું લખવાની કોશિશ કરજે. તને કદાચ લેખનનું ક્ષેત્ર જામી જશે.’’ આજે આ બધી વાત યાદ કરું છું ત્યારે થાય છે કે પૂજ્યશ્રીનાં રૂપમાં કુદરતે મને કેવા અદ્ભુત સૌભાગ્યની ભેટ આપી હતી!! લેખક થવાનું કોઇ સ્વપ્ન પણ ન સેવ્યું હોવા છતાં અને એ માટે કોઇ પ્રયાસ ન કર્યો હોવા છતાં માત્ર પૂજ્યશ્રીએ કંડારી આપેલ માર્ગનાં કારણે લેખક બની શકાયું. પૂજ્યશ્રીનાં કારણે માત્ર આ એક જ બાબતમાં નહિ, જીવનની ઘણી બધી બાબતોમાં સફળતાની દિશાઓ આપોઆપ હાથ લાગી ગઇ હતી...

(૯)

જૈન સંઘમાં બાલદીક્ષાના પ્રશ્ને ઘણી વાર તરફેણમાં-વિરોધમાં ચર્ચાઓ થતી રહે છે. શાસ્ત્રબહુમાન ધરાવનાર શ્રમણ હોવાના નાતે મારું વલણ સ્વાભાવિક જ બાલદીક્ષાની તરફેણનું છે. પરંતુ એક બાબત મારાં મનમાં સ્પષ્ટ છે કે જ્યાં ગુરુજનો બાલદીક્ષિતોનાં સંસ્કરણ માટે જાગૃત હોય ત્યાં જ બાલદીક્ષા સફળ નીવડે છે, જ્યાં બાલદીક્ષિતનાં સંસ્કરણ પ્રત્યે ઉપેક્ષા -બેદરકારી છે ત્યાં પરિણામો માઠા આવવાની ખૂબ સંભાવના છે. અલબત્ત, આમ જુઓ તો આ વાત દરેક વયની દીક્ષા અંગે લાગુ પડે છે. તો પણ ચંચળતા - ઉત્સુકતાદિ કારણે બાલદીક્ષિતો માટે આ વાત સચોટ લાગુ પડતી હોવાથી અહીં મેં બાલદીક્ષિતોને પ્રાધાન્ય આપ્યું છે. પૂજ્યશ્રી આ સત્ય બરાબર સમજતા હતા. એથી જ એમણે મારાં સંસ્કરણ કાજે જરા ય બેદરકારી - ઉપેક્ષા દાખવી ન હતી. એ દરકાર - કાળજી કઇ હદની હતી એનો રસપ્રદ પ્રસંગ નિહાળીએ. આ એવો મજેદાર પ્રસંગ છે કે જેમાં સંસ્કરણદરકાર ઉપરાંત પૂજ્યશ્રીની પ્રત્યુત્પન્ન બુદ્ધિમત્તા - પ્રતિભાનો પણ પરિચય થાયઃ

વિ. સં. ૨૦૪૨નું વર્ષ. અમારો વિહાર મુંબઇથી ગુજરાત તરફનો હતો. એમાં એક દિવસ એવું બન્યું કે મેં અને થોડા તરુણ શ્રમણોએ જલ્દી પહોંચવા રાજમાર્ગના બદલે Shortcut અપનાવ્યો. પૂજ્યશ્રી આદિએ રાજમાર્ગ પર વિહાર કર્યો. પરંતુ અમને અમારો Shortcut ભારે પડી ગયો. અત્યંત ખરાબ અને કાંટાઓયુક્ત માર્ગ. કેટલીય વાર કાંટાથી પગ વીંધાઇ ગયા. એમાં અધૂરામાં પૂરું માર્ગ ભૂલી ગયા. અમે હેરાન-પરેશાન થઇ પૂજ્યશ્રી આદિ કરતા એક કલાકના વિલંબે મુકામ પર આવ્યા. પગ મૂકતાની સાથે જ મારાથી પૂજ્યશ્રી સમક્ષ જોતા બોલાઇ ગયું :‘‘આજે તો બરાબરના હેરાન થઇ ગયા.’’ એક જ ક્ષણમાં પૂજ્યશ્રીએ સંસ્કરણદષ્ટિથી મને ટકોર કરી : ‘‘હેરાન થઇ ગયા એમ ન બોલાય, આજે નિર્જરા થઇ એમ બોલાય.’’ મને પૂજ્યશ્રીની આ ટકોર ગમી. પરંતુ હું હજુ આગળ વિચારું તે પૂર્વે જ અન્ય એક શ્રમણે સંસ્કરણનું સરસ દષ્ટિબિંદુ સમજ્યા વિના આ ચર્ચામાં તર્કની તલવારબાજી કરતા મારી સામે જોઇને ઝુકાવ્યું કે ‘‘તમારી એ કથિત નિર્જરા તો અકામ જ ને ? તમે ક્યાં સહન કરવાની બુદ્ધિથી એ માર્ગે ગયા હતા ?’’ મને લાગ્યું કે એ શ્રમણની વાતમાં તથ્ય છે. એથી મારો ચહેરો જરા નિસ્તેજ થયો. ત્યાં જ પૂજ્યશ્રીનો તેજસ્વી તર્કટંકાર આવ્યો. એમણે પેલા શ્રમણને હસતા હસતા કહ્યું : ‘‘આ સાધુઓને અકામ કે સકામ, કોઇ એક નિર્જરા તો થઇ જ છે. પરંતુ તમને તો બેમાંથી એકે ય નિર્જરા નથી થઇ એનું શું ?’’ સંસ્કરણનું દષ્ટિબિંદુ સમજ્યા વિના દલીલ કરનાર શ્રમણ મહાત થઇ ગયા. એમણે ચૂપકીદી પકડી લીધી.

પોતાના શિષ્યની ભાષાસમિતિ અને વિચારપરિણતિ સુધરે એ માટે આ હદે જાગરૂકતા દાખવનાર પૂજ્યશ્રી માટે ભક્તિભીનાં હૈયે મારે એ જ લખવાનું છે કે :- ‘‘મોહે લાગી લગન ગુરુ ચરણનકી...’’

(૧૦)

સંસ્કૃતમાં એક નાનકડું મર્મભર્યું સુભાષિત છે કે ‘विवेको दशमो निधि :’ સંસારમાં ચક્રવર્તી પાસે ભલે પ્રબળ પુણ્યયોગે નવ નિધિ હોય. કિંતુ એ નવે ય નિધિને ટક્કર મારે એવો દશમો નિધિ છે વિવેક. વિવેકનાં કારણે જ વ્યક્તિ લાખોની નજરમાં વસી જાય છે અને એના અભાવે લાખોની નજરમાંથી ઉતરી જાય છે. પૂજ્યશ્રીની પાસે આ વિવેક કેવો ઝળહળતો હતો એનો આહ્લાદક અનુભવ મને થયો મારી લેખન કારકિર્દીના પ્રારંભે. બન્યું એવું કે વિ. સં. ૨૦૪૫ના પ્રારંભે કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યની નવમ જન્મશતાબ્દી સમારોહમાં પ્રવચન કરીને હું બોરીવલી - જામલીગલી સંઘના ઉપાશ્રયે પૂજ્યશ્રી પાસે પરત આવ્યો. ત્યારે મારા

આસન પર એક જૈન સામયિક હતું અને તેમાં કોઇ મુનિ ભગવંતનો શ્રીમાન્ હેમચન્દ્રાચાર્ય વિશે લેખ હતો. વાંચતા મને એમ થયું કે આવો લેખ તો હું પણ લખી શકું. મેં તરત પૂજ્યશ્રીની અનુજ્ઞા માંગી. સંમતિ મળતા જ બે દિવસમાં દશ ફુલસ્કેપનો લેખ લખ્યો જે એ પછીથી કલ્યાણ-સુઘોષાદિ જૈન સામયિકોમાં પ્રગટ થયો. એ લેખની પ્રાથમિક નકલ પૂજ્યશ્રીને બતાવી. લેખનું શીર્ષક હતું : **''આચાર્ય હેમચન્દ્ર : વિરલ વ્યક્તિત્વ અને શ્રેષ્ઠ સર્જન.''** તરત જ પૂજ્યશ્રીએ ધ્યાન દોર્યું : ''આ અવિવેક છે. આપણાથી આધુનિક લેખકો લખે છે તેવો 'આચાર્ય હેમચન્દ્ર' શબ્દપ્રયોગ ન કરાય. આ તો પૂજ્ય પુરુષો પ્રત્યેની તોછડાઇ છે. આપણે બહુમાનવાચક 'કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય' આવો સન્માનનીય શબ્દપ્રયોગ જ કરવો જોઇએ.'' હું રાજી થઇ ગયો પૂજ્યશ્રીની આ વિવેકદષ્ટિથી. ત્યારથી અખબારોના લેખની અમુક મર્યાદા બાદ કરતા સર્વત્ર પૂજ્ય પુરુષોનાં નામ આગળ સન્માનવાચક શબ્દપ્રયોગ કરવાનું પ્રાયઃ ચુકાયું નથી.

Driving શીખવનાર પાસે એ વિવેક હોય છે કે ઉમેદવાર Driving શીખી જાય તે પછી એ Stering પકડી ન રાખે. ઉમેદવારને એની રીતે Car હંકારવા દે. પૂજ્યશ્રીએ પણ મારી કલમ સાથે આ જ વ્યવહાર કર્યો. પ્રારંભના બે-અઢી વર્ષ એ મારા દરેક લેખનું પ્રાથમિક લખાણ વાંચે અને એમાં જરૂરી સુધારા કરી આગળ જવા દે. બે-અઢી વર્ષ બાદ મેં આત્મવિશ્વાસથી, જે વિચારાય તે સીધું જ પ્રેસકોપીરૂપે લખાય એ શૈલીથી, લખવાનું આરંભ્યું ત્યારે પૂજ્યશ્રીએ મને સામેથી કહ્યું : ''રાજા, હવે તારે લેખો બતાવવાની જરૂર નથી.'' આ પૂજ્યશ્રીનો જીવતો - જાગતો સ્વયંસ્ફૂર્ત વિવેક હતો. પૂજ્યશ્રી માટે યાદ આવે જ્ઞાનસાર ગ્રન્થતી પેલી પંક્તિ કે 'મુનિહંસો વિવેકવાન્.'

**(૧૧)**

'ગુરુ' શબ્દની સંસ્કૃતમાં પણ નૈક વ્યાખ્યાઓ ઉપલબ્ધ છે, તો ગુજરાતીમાં ય અનેક અનુપ્રાસસભર વ્યાખ્યાઓ છે. એમાંની એક વ્યાખ્યા આ છે કે **'જેનાં વિના જીવન અધૂરું...એનું નામ ગુરુ.'** વિ. સં.૨૦૪૮ની પૂજ્યશ્રી સંબંધી મારી બે જીવનઘટના યાદ કરું છું ત્યારે મને લાગે છે કે પૂજ્યશ્રી વિના મારું જીવન સાવ અધૂરું જ હોત અને એથી ય આગળ પૂજ્યશ્રી વિના મારું જીવન પૂરું થઇ ગયું હોત-ખલાસ થઇ ગયું હોત. જેને હું પૂજ્યશ્રીના મારા પરના શ્રેષ્ઠ સ્તરના ઉપકારોની કક્ષામાં ગણું છું એ બે ઘટનાઓ કાંઇક આવી છે :

એ વર્ષે અમારું ચાતુર્માસ અમદાવાદના ખાનપુર જૈન સંઘમાં હતું. ત્યાંથી 'ગુજરાત સમાચાર' નું મુખ્ય કાર્યાલય એકદમ નિકટ હતું. ગત વર્ષ વિ. સં.૨૦૪૭માં વડોદરાના 'સંદેશ' અખબારમાં મારી પ્રથમવારની પર્યુષણા લેખમાળા પ્રગટ થઇ હતી. એથી મનમાં તીવ્ર ઝંખના હતી કે આ વર્ષે 'ગુજરાત સમાચાર' અખબારમાં પર્યુષણા લેખમાળા આવે તો સારું. બે-ત્રણ પ્રયાસ કર્યા, પરંતુ ક્યાં ય સંપર્ક કડી પ્રસ્થાપિત ન થઇ. એમાં ઠેઠ પર્યુષણાનો પૂર્વદિવસ આવી ગયો. એથી નવોદિત લેખક તરીકે મને નિરાશા થઇ ગઇ કે આ વર્ષની મારી લેખમાળા પ્રગટ થયા વિનાની રહી જશે. પૂજ્યશ્રીનાં ધ્યાનમાં આ વાત આવી ગઇ. એમણે દોર સંભાળીને એ દિવસે એક જ પ્રયાસ કર્યો અને એમના પુણ્યપ્રભાવે તુર્ત સંપર્ક થઇ ગયો. બાર વાગ્યા સુધીમાં ઉત્તર પણ આવી ગયો કે કાલથી લેખમાળા પ્રકાશિત થશે. મને ત્યારે માત્ર એટલો જ અંદાજ હતો કે એ લેખમાળા અમદાવાદની આવૃત્તિમાં આવશે. પરંતુ બીજે દિવસે લેખમાળા આરંભાઇ ત્યારે ખ્યાલ આવ્યો કે એ મુંબઇ વગેરે તમામ આવૃત્તિમાં પ્રગટ થઇ રહી છે. લેખન કારકિર્દીના પ્રારંભે મળેલ આ બહુ મોટો Jackpot હતો. એમાંથી પરિચય આગળ વધ્યો અને વિ. સં. ૨૦૪૯ થી 'અમૃતની અંજલિ' વિભાગ શરુ થયો. એ પર્યુષણા લેખમાળા ૨૭ વર્ષથી અખંડ જારી છે, તો 'અમૃતની અંજલિ' વિભાગ ૨૬ વર્ષથી અખંડ જારી છે. અઢાર લાખ નકલોમાં પ્રગટ થતા આ અખબારી લેખો આજ સુધીમાં અઢારસોથી અધિક લખાયા છે. જૈન-જૈનેતર વર્ગમાં મારી ઓળખ 'અમૃતની અર્જલિ' ના લેખકરૂપે સર્વાધિક જોડાઇ ગઇ છે. **આજે વિચારું છું કે આ ઉપકાર કોનો ? માત્ર ને માત્ર પૂજ્યશ્રીનો જ. મેં તો નિરાશ થઇને પ્રયાસ છોડી દીધો હતો. પૂજ્યશ્રીના પ્રયાસે જ પરિણામ આપ્યું હતું. એટલે ચોક્કસ માનું છું કે પૂજ્યશ્રી ન હોત તો મારું જીવન આજની ઓળખ વિનાનું - અધૂરું જ હોત. આ વાક્ય ભલે 'અમૃતની અંજલિ'ના સંદર્ભમાં લખી રહ્યો છું. પરંતુ ઊંડાણથી વિચારીએ તો એ જીવનના સર્વાંગીણ સંદર્ભમાં ય એટલું જ યથાર્થ છે.**

એ જ ચાતુર્માસ બાદનો દિવસ હતો તા.૭-૧૨-૧૯૯૨. મારે દાંતની Treatment માટે સવારે પોણા નવે દાંતના ડૉક્ટર પાસે મુસ્લિમ વિસ્તારમાંથી જવાનું હતું. રામજન્મભૂમિ આંદોલન ત્યારે ચરમસીમાએ હતું અને તેમાં પૂર્વદિવસ તા.૬-૧૨-૯૨ ના વિવાદાસ્પદ ઢાંચો કારસેવકો દ્વારા ધ્વસ્ત થયો હતો. એ દિવસના અખબારોમાં સર્વત્ર કેસરીયો રંગ - હિંદુત્વનો માહોલ છવાયો હતો. એથી પરિસ્થિતિનું આકલન કરવામાં હું થાપ ખાઇ ગયો. મને એવો ભ્રમ રહ્યો કે અત્યારે હિંદુત્વ ચરમસીમાએ છે. એથી તોફાની પ્રત્યાઘાતોનો અવકાશ નહિ હોય. નિશ્ચિંત ભાવે તરપણી-દાંડો લઇ હું જવા તૈયાર થઇ ગયો. એ સમયે પૂજ્યશ્રી આસન પર હતા નહિ. સમયસર પહોંચવાનાં લક્ષ્યમાં હું સડસડાટ સીડી ઉતરવા માંડ્યો. છેલ્લા પગથિયે હતો ત્યાં પૂજ્યશ્રી આસને પધાર્યા. મને જતો જોઇ એમણે હાક મારી : ''રાજા! ઉપર આવી જા. આજે તો બહાર જ ન નીકળાય. સો ટકા આજે કોમી રમખાણો થશે. ડૉક્ટરો પણ આજે નહિ આવે. આપણે જોખમ લેવું નથી.'' હું પરત આવી ગયો. આ ઘટનાના અર્ધા જ કલાકમાં Stabbing - હત્યાઓના જે સમાચારો આવવા માંડ્યા એનાથી મને ખાતરી થઇ ગઇ કે પૂજ્યશ્રીની અનુભવી દષ્ટિનું તારણ સાચું હતું, મારું તારણ કાચું હતું. બીજા દિવસના અખબાર આવ્યા ત્યારે હું ક્ષણભર ધ્રૂજી ઉઠ્યો. હું જે મુસ્લિમ વિસ્તારમાંથી જવાનો હતો ત્યાં જ ભયાનક ખૂનામરકી થયાની તસવીરો એમાં હતી. મને થયું કે જો પૂજ્યશ્રી ન હોત અને હું બે-ચાર ક્ષણ વહેલો નીકળી ગયો

હોત તો મારું જીવન સમાપ્ત થઇ ગયું હોત!! આજે આ ઘટના આલેખતા મારા દિલમાં એ Feel થાય છે કે પૂજ્યશ્રીના મારા પરના તમામ બાહ્ય-અભ્યંતર ઉપકારો ક્ષણભર બાજુ પર રાખી માત્ર આ એક જ ઉપકાર વિચારું, તો ય એની સામે મારું તમામ સમર્પણ - તમામ ગુરુભક્તિ સાવ વામણી જ છે. ઋણમુક્તિ કે ઋણપૂર્તિની હું કલ્પના ય કરી શકું નહિ. ફક્ત એ જ લખીશ પૂજ્યશ્રી માટે કે :-

આપના ઉપકારનું વર્ણન થઇ શકતું નથી... આપને ભૂલીને ચિત્ત ક્યાં ય જઇ શકતું નથી...

(૧૨)

કુશલ શિલ્પીના સંગમાં આવવાથી પથ્થરને એક બહુ મહાન લાભ એ થાય છે કે એના સ્વયંના કોઇ જ પુરુષાર્થ વિના એનું ઘડતર એકદમ સુરેખ બની જાય. પૂજ્યશ્રી જેવા કુશલ જીવનશિલ્પીનાં સાન્નિધ્યમાં મને આવો લાભ પણ થયો છે. અભ્યાસ પૂર્ણ થયા બાદ એક તરફ જેમ સાહિત્યયાત્રા શરૂ થઇ, એમ પૂજ્યશ્રીનાં શાસનકાર્યોમાં સહયોગી બનવાનું શરુ થયું. અલગ અલગ સંઘો, અલગ અલગ કાર્યો અલગ અલગ માન્યતાઓ, અલગ અલગ વ્યક્તિઓ : આ બધાં વચ્ચે કાર્યો કરવામાં જાતજાતનાં કડવા-મીઠા અનુભવો થાય. પૂજ્યશ્રી એમાંથી મારી જીવનદૃષ્ટિ કેળવતા રહે. નિખાલસતાથી લખું તો અદ્યાવધિનાં સંઘકાર્યોમાં અઠ્ઠાણું ટકા અનુભવો ખૂબ સરસ-મધુર-કૃતજ્ઞતાસભર રહ્યા છે, તો બે ટકા અનુભવો એવા ય થયા છે કે જ્યાં શિલાથી શિખર સુધીનો આત્મભોગ અમારો હોય છતાં કૃતજ્ઞતા સાવ વિસરાઇ હોય.એક સ્થાનમાં અમને આવો કટુ અનુભવ થયો. પૂજ્યશ્રીનો ત્યાં પરમ-ચરમ ઉપકાર છતાં અવસરે સામાન્ય ઔચિત્ય પણ વીસરી જવાયું. મારા મનમાં આનાથી કડવાશ વ્યાપી ગઇ. એ બપોરે પૂજ્યશ્રીએ મને સમજાવ્યું :‘‘વાદળ વરસે છે ત્યારે વળતરની કોઇ આશા નથી રાખતા. એમ આપણે ય કાર્યકર્તાઓ પાસેથી આશા રાખ્યા વિના ઉપકારવર્ષા કરવી. હા, અન્યત્ર જે જે સામાન્ય ઔચિત્ય - કૃતજ્ઞતા દાખવાય તેવું ઔચિત્ય - કૃતજ્ઞતા આપણા માટે દાખવાય એને ઇષ્ટ ગણવી. પરંતુ માન્યતાઓ - યોગ્યતાઅભાવ આદિ કારણે ક્યારેક એ ન દાખવાય તો નાસીપાસ ન થવું અને પ્રત્યાઘાતમાં મર્યાદા ન ચૂકવી. યાદ રાખજે કે સંત-સતી અને સાગર કદી મર્યાદા ન મૂકે.’’ આ ઘટના અને પૂજ્યશ્રીની કેળવણીથી કસોટીસમયના દૃષ્ટિબિંદુ ઘણા જ બદલાઇ ગયા. આજે મારું દૃષ્ટિબિંદુ એ છે કે ઉપકાર કર્યા પછી પણ નાની - મોટી વિક્ષેપક બાબતો બને તો એને ઉદારતાથી જતી કરવી. ક્યાંક જાણી - બૂઝીને ઇરાદાપૂર્વક નુકસાન કરાયું હોય અને યોગ્ય પ્રતિભાવ આપવો જ પડે તો ઔચિત્ય - મર્યાદા ચૂક્યા વિના પ્રતિભાવ આપવો. પણ અંતરમાં ક્યાં ય નાની શી પણ ગાંઠ ન બાંધવી. પૂજ્યશ્રીની કેળવણીનું આ હાર્દ સાંપડ્યું છે...

(૧૩)

જ્ઞાનાચારના આઠ આચારોમાં એક આચાર છે ઉપબૃંહણા. આ ઉપબૃંહણા-પ્રશંસા અન્યોની વિશેષતાઓની હોય. પૂજ્યશ્રીનાં જીવનમાં અન્યોની ખુલ્લા દિલની પ્રશંસા શુદ્ધ ગુણાનુરાગભાવે હતી. એના વિવિધ ઉદાહરણો આ ગ્રન્થમાં ઠેર ઠેર મળે છે. પરંતુ આશ્ચર્ય મને એ થતું કે પોતે જ આયાસપૂર્વક જે વિશેષતાઓ મારામાં આરોપિત કરી હતી એની પ્રશંસા તેઓએ અવસરે અન્યત્ર કરી છે. વસ્તુતઃ એના સાચા યશોભાગી તેઓ જ હોવાથી પ્રશંસાની આવશ્યકતા ન હતી. છતાં તેઓએ પ્રશંસા કરી એ તેઓના ઉપબૃંહણા ગુણની જ નીપજ હતી. બે-ત્રણ એવા પ્રસંગ સંક્ષેપમાં નિહાળીએઃ

* વિ.સં. ૨૦૫૦નાં ભાયંદર-બાવન જિનાલયતીર્થનાં ચાતુર્માસમાં ત્યાંના સંઘપ્રમુખ શ્રી શશીકાંત સીરોયાએ મારા દ્વારા ગુજરાત સમાચાર-મુંબઇ સમાચારમાં તે વર્ષે લખાયેલ પર્યુષણા લેખમાળાની અનુમોદના કરતાં પૂજ્યશ્રી હર્ષથી કહેઃ ‘‘રાજરત્ન મહારાજે તો સો-સવાસો લેખોની ફાઇલ બનાવી છે. તમે જુઓ તો સમજાશે કે એમના અક્ષર અને મહેનત કેટલી સરસ છે.’’

* વિ.સં. ૨૦૫૩માં અમે વાલકેશ્વરમાં પૂ. સાહિત્યકલારત્ન આ. શ્રી યશોદેવસૂરીશ્વરજી મ.સા.ને વંદનાર્થે ગયા હતા. વાતવાતમાં પૂ. યશોદેવસૂરિજી મહારાજે પૂજ્યશ્રીને કહ્યુંઃ ‘‘તમારે હવે જવાબદારી ઘટી ગઇ, રાજરત્ન સારો તૈયાર થઇ ગયો છે.’’ તુર્ત પૂજ્યશ્રી બોલી ઊઠ્યાઃ ‘‘રાજાની આદત એવી છે કે એક મિનિટ સમય બગડવા ન દે. કાંઇ કામ નહિ હોય તો એ છેવટે સ્વાધ્યાય કરવા માંડશે.’’

* વિ.સં. ૨૦૬૫માં વડોદરા-માંજલપુર સંઘમાં અમારું તથા પૂ. આ.શ્રી યશોવર્મસૂરીશ્વરજી મ.સા.નું મિલન થયું. પ્રવચન સાથે હતું. પૂ. યશોવર્મસૂરિજી મ. કહેઃ ‘‘આપ પ્રકાશો.’’પૂજ્યશ્રીએ હસતા હસતા કહ્યુંઃ ‘‘તમે અને રાજરત્નસૂરિ, બન્ને નવી પેઢીના જોશીલા પ્રવચનકારો છો. મારે તમને બન્નેને સાંભળવાના છે.’’ આવો જ પ્રસંગ વિ.સં. ૨૦૭૧માં પૂ.આ.શ્રી રત્નસુંદરસૂરીશ્વરજી મ. સાથેનાં મિલન-પ્રવચન દરમ્યાન બન્યો હતો.

લાગે છે કે પૂજ્યશ્રી એક એવા કુશલ બાગવાન હતા જે પોતે જ રોપેલ છોડ ઉપર ઉપબૃંહણાનું જલસિંચન કરી એને સંવર્ધિત-પ્રફુલ્લિત બનાવવામાં માહેર હતા.

(૧૪)

ક્યાંક વાંચ્યું હતું એક મર્મસ્પર્શી વાક્ય કે ‘‘એક નહિ બિરદાવાયેલ સત્કાર્ય એક હજાર

નવાં સત્કાર્યોને ઊગતા પૂર્વે જ ડામી દે છે.'' નિર્દેશ આ વાક્યનો એ છે કે આપણે જો અન્યનાં સારાં પણ કાર્યને પુરસ્કૃત ન કરીએ તો એનો ઉત્સાહ-ઉમંગ મંદ થઇ જાય અને એ નવાં સત્કાર્યથી વિરમી જાય. પૂજ્યશ્રીમાં આ દૃષ્ટિબિંદુ કઇ હદે કેળવાયેલ હતું અને મારા જેવા અદના-સામાન્ય સ્તરના શિષ્યને એ કેવા સરસ પુરસ્કૃત કરતા હતા એની કેટલીક સંક્ષિપ્ત ઝલક નિહાળીએઃ

* 'સકલાર્હત્ સ્તોત્ર' નો હરિગીત છંદમય ગુર્જર પદ્યાનુવાદ મારા દ્વારા રચાયો અને પૂજ્યશ્રીએ એનું નિરીક્ષણ-સુધારા કર્યા. બીજા દિવસે પ્રભાતે કહે : આમાં જે ''સવિ ક્ષેત્રમાં સવિ કાળમાં૦'' (શ્લોક-૨ના પદ્યાનુવાદની) સ્તુતિ છે એ આજથી આપણે નિત્ય જિનાલયમાં પ્રભુ સમક્ષ ગાવાની છે આ ગુજરાતી સ્તુતિ છે અને એમાં ચારે ય નિક્ષેપના જિનેશ્વરપ્રભુને નમન છે. માટે એમાં દરેકને ભાવોલ્લાસ આવશે.'' પૂજ્યશ્રીનાં જીવનમાં અંતિમ એકવીશ વર્ષ નિત્ય આ સ્તુતિ જિનાલયમાં ગવાતી રહી અને તે પછી આજે પણ અમારા શ્રમણવૃંદમાં બારે ય માસ એ ગવાતી રહી છે. અન્ય સ્તુતિઓ સાત દિવસે એક વાર, પરંતુ આ સ્તુતિ પૂજ્યશ્રીની ઇચ્છાનુસાર નિત્ય એક વાર.

* વિ.સં. ૨૦૪૨માં માત્ર શિખાઉ વૃત્તિથી મારા દ્વારા 'नमस्तस्मै परात्मने' આ ચતુર્થ પંક્તિ ધરાવતું પ્રભુસ્તુતિઅષ્ટક રચાયું હતું. ત્યારે પૂજ્યશ્રીએ નિહાળ્યું હતું. પણ વિસરાઇ ગયું હતું. વિ.સં. ૨૦૬૨માં પુનઃ આ અષ્ટક પર પૂજ્યશ્રીની દૃષ્ટિ જતાં એમણે પ્રમુદિતભાવે કહ્યુંઃ ''કાલથી આ અષ્ટક, જિનાલયે સમૂહ ચૈત્યવંદન તથા ભક્તામરની ૧૨ થી ૨૦ ગાથા બોલાયા બાદ સૌએ સાથે સ્તુતિરૂપે બોલવાનું છે.'' પૂજ્યશ્રીની વાત તહત્તિ થઇ. આજે પણ અમારા શ્રમણવૃંદમાં એ ઉપક્રમ જળવાયેલ છે.

* પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીના જીવનગ્રન્થનું નિર્માણ પૂજ્યશ્રીનાં જીવનનું Extreme dream હતું. વળી એમાંની ઘણી ઘણી વિગતો પૂજ્યશ્રી વિના શક્ય જ ન હતી. આ બન્ને વાસ્તવિકતા ધ્યાનમાં રાખી મેં એ ગ્રન્થના મુખ્ય યશોભાગીરૂપે પૂજ્યશ્રીને Highlight કરવા Front page પર માત્ર પૂજ્યશ્રીનું જ નામ પ્રેરક-માર્ગદર્શક-સંશોધકરૂપે રાખ્યું. પૂજ્યશ્રીએ Proof સમયે એ નિહાળ્યું એટલે ઉદાર ભાવે મને આગ્રહ કર્યો કે ''રાજા! લેખકરૂપે તારું નામ Front page પર સાથે જ જોઇએ.'' મેં દૃઢ ભક્તિથી ઇન્કાર કર્યો કે ''આપ જો આમાં મને આજ્ઞા કરશો તો મારું મન દુઃખી થશે. આ આપની જ પ્રબળ ભાવના-ઝંખનાનું પરિણામ છે. મેં તો એ ઝંખના સાકાર કરવાનો મારા ભાગે આવતો પ્રયાસમાત્ર કર્યો છે.'' છેવટે પૂજ્યશ્રીએ મારો ભક્તિભર્યો આગ્રહ સ્વીકાર્યો.

છત્રીશ વર્ષનાં સંયમજીવનમાં આવા અઢળક પ્રસંગો છે જેમાં પૂજ્યશ્રીએ મારા જેવા સામાન્ય શ્રમણને પુરસ્કૃત કરવાનું અનુપમ ઔદાર્ય રાખ્યું હોય. પૂજ્યશ્રીનાં મારાં પરનાં આ ઔદાર્ય માટે એટલું જ લખીશ કે ''**આકાશ પણ એની સાથે સ્પર્ધા ન કરી શકે...**''

## (૧૫)

મહાન પૂર્વાચાર્ય શ્રીમાન ઉમાસ્વાતિજી ભગવંતે 'પ્રશમરતિ' ગ્રન્થની ૨૩૨મી કારિકામાં આરાધક પુણ્યાત્માનું એક લક્ષણ દર્શાવ્યું છે 'ભાવિતાત્મા.' અર્થાત્ તે તે આરાધના યોગોથી એનું હૃદય ભાવિત હોય. પૂજ્યશ્રીમાં આ વિશેષણ કેવું ચરિતાર્થ થતું હતું એના મેં અનુભવેલ પ્રસંગો પૈકીની બે-ત્રણ ઝલકો નિહાળીએઃ

* હંમેશા એવું બનતું કે સવારની ગોચરી આવી ગયા બાદ જ પૂજ્યશ્રી પચ્ચક્ખાણ પારવાની ક્રિયા કરે. ભલે ને પચ્ચક્ખાણ સમય વહેલો આવી ગયો હોય તો ય પૂજ્યશ્રી પચ્ચક્ખાણ ન પારે. મને Before time તૈયાર રહેવાની આદત થઇ ગઇ હતી. એથી એક દિવસ મેં પૂજ્યશ્રીને સૂચન કર્યુંઃ ''આપ પચ્ચક્ખાણ પારીને તૈયાર રહેતા હો તો? તુર્ત ગોચરી વાપરી શકાય ને ?'' પૂજ્યશ્રીએ અંતરમાં અંકિત થઇ જાય એવો ઉત્તર આપ્યોઃ ''**જેટલો સમય પચ્ચક્ખાણમાં રહીએ એટલો સમય આહારની વિરતિનો લાભ મળે. ગોચરી આવ્યા બાદ પચ્ચક્ખાણ પારવામાં બે-પાંચ મિનિટ વિલંબ થશે એટલું જ. પરંતુ વિરતિનો લાભ કેવો સહજ મળે છે?**''

* પૂજ્યશ્રી નિત્ય રાત્રે ભક્તામર-તત્ત્વાર્થ કારિકાઓના સ્વાધ્યાય બાદ છેલ્લે સંથારાપોરિસી ભણાવીને સંથારે. એમની સંથારાપોરિસી શયનના સમયે-છેલ્લે જ હોય અને સંથારાપોરિસી સૂત્ર બોલતા પંદર-વીશ મિનિટ થાય જ. મેં એક વાર કહ્યુંઃ ''સાહેબજી ! શાંતિથી બોલીએ તો ય આ સૂત્રમાં આટલો સમય ન લાગે. આપ શું કરો છો આ સૂત્ર સમયે?'' એમણે કહ્યું : ''**આ સૂત્ર હું નિત્ય અર્થચિંતન સાથે એકદમ શાંતિથી વિચારું છું. આમાં ચાર શરણ-અઢાર પાપસ્થાનક ત્યાગ - એકત્વભાવચિંતન-સમ્યક્ત્વસદ્દહણા-ક્ષમાપના વગેરે ભાવ એટલા ઉત્કૃષ્ટ છે કે જે એનું ચિંતન કરતા સંથારવાથી રાત્રે પણ અવ્યક્ત પરિણતિ તન્મય રહે. આ સૂત્ર વિધિ પતાવવા જેવું-ઉતાવળે બોલવા જેવું નથી જ.**''

* એ જ રીતે 'पगामसिज्झा' સૂત્રના 'असंजमं परिआणामि संजमं उवसंपज्जामि' વગેરે આઠ પદો પૂજ્યશ્રીના ખાસ Favourite. એ પાંચ-સાત વાર આ પદો મમળાવે. એ માટે પૂછ્યું તો ઉત્તર મળ્યોઃ ''**આ પદો તો આપણને જાગૃત કરનાર 'Alarm' જેવા પદો છે. સંયમ સ્વીકાર્યા પછી આપણે પ્રમત્ત ન થઇ જઇએ - સુષુપ્ત ભાવોવાળા ન થઇ**

જઇએ - અતિચારાભિમુખ ન થઇ જઇએ એ માટે નિત્ય આ પદો પર ચિંતન કરવું જોઇએ.''

આ ત્રણે ય ઘટનાઓમાં પૂજ્યશ્રીના પ્રત્યુત્તરો સાંભળીને હું અક્ષરશઃ તાજુબ થઇ ગયો હતો. 'ભાવિતાત્મા' કેવો હોય એનું Practical સ્વરૂપ મને ઉપરોક્ત પ્રસંગોમાં પ્રતિબિંબિત થતું લાગ્યું છે...

(૧૬)

પ્રવૃત્તિ જો દેહ છે તો પરિણતિ પ્રાણ છે અને પ્રવૃત્તિ જો વ્યાપાર છે તો પરિણતિ નફો છે. જો પ્રાણ છે તો જ દેહની કિંમત છે અને જો નફો છે તો જ વ્યાપારની સાર્થકતા છે. આ સમ્યક્ ચિંતન એમ સમજાવે છે કે આરાધકનાં જીવનમાં પરિણતિ અત્યધિક મહત્ત્વનું પરિબળ છે. પૂજ્યશ્રીનાં જીવનમાં પરિણતિ કેવી ઝળહળતી હતી એનો મારો એક સ્વાનુભવ તો આ જ ગ્રન્થમાં પૂર્વે વિભાગ-૧માં દર્શાવાયો જ છે. એ જ વિ.સં. ૨૦૬૦ માં એ જ હિંદુજા હોસ્પિટલમાં પરિણતિસંબંધી પૂજ્યશ્રીનો અન્ય સ્વાનુભવ મને આ થયો હતો :

હિંદુજા હોસ્પિટલનો I.C.U. વિભાગ. વહેલી પ્રભાતે પાંચ વાગ્યે હું ત્યાં પૂજ્યશ્રીને પ્રતિક્રમણ કરાવી રહ્યો હતો. કેમ કે એ દિવસે સવારે આઠ વાગ્યે પૂજ્યશ્રી પર 'Blood clot' સંબંધી મોટું જોખમી ઓપરેશન શરૂ થવાનું હતું. ડૉક્ટરનો અંદાજ હતો કે ઓપરેશન આઠ-નવ કલાક પણ ચાલે. પૂજ્યશ્રીને આ તમામ માહિતી હતી. સામાન્યપણે આ સ્થિતિમાં દર્દીનું ચિત્ત ચિંતાતુર હોય, આરાધનામાં એનું મન ન હોય. પણ સૂર્યોદયસૂરિજી જેમનું નામ. નિશ્ચિંત ભાવે એ પ્રતિક્રમણ શ્રવણ કરતા હતા. એમાં સકલતીર્થ સૂત્ર આવ્યું. પૂજ્યશ્રી બંધ આંખે તન્મયતાથી સાંભળતા હતા. મને ખાતરી કરવાનું મન થતાં **'અઢી દ્વીપમાં જે અનગાર'** પંક્તિ બાદ અટકી જઇ પૂજ્યશ્રીને પૂછ્યું : ''હવે કઇ પંક્તિ આવી?'' તુર્ત જ પૂજ્યશ્રી બોલ્યાઃ **'અઢાર સહસ શીલાંગના ધાર.'** પછી હસીને કહે : ''બધાં જ સૂત્રો ધ્યાનથી સાંભળું છું. આજે તો રોજ કરતાં ય વધુ તન્મયતા રાખી છે.'' ડૉક્ટરોએ જેને High risky ઓપરેશન કહ્યું હતું તેની પૂર્વે પણ આવશ્યક ક્રિયામાં આ તન્મયતા પૂજ્યશ્રીના ઉચ્ચ પરિણતિની જ દ્યોતક છે. અનાયાસે જ ત્યારે મારાથી મારી સ્થિતિની સરખામણી પૂજ્યશ્રીની સ્થિતિ સાથે થઇ ગઇ કે' એ પ્રભાતે સૂત્રો બોલતા હું વિક્ષિપ્ત-ચિંતિત હતો.'

પ્રાર્થના છે પૂજ્યશ્રીને કે આપની આ પ્રશસ્ય પરિણતિની પ્રભાવના થોડી અમને પણ કરો ને ?

(૧૭)

ક્ષેત્રસમાસાદિ ગ્રન્થોમાં વર્ણન મળે છે કે પદ્મદ્રહમાંથી નીકળેલ ગંગાનદીનો પ્રવાહ હિમવંત પર્વત પર અસ્ખલિત વહી ભરતક્ષેત્રની દિશામાં જબરજસ્ત ધોધરૂપે વરસે છે અને એ ધોધ ગંગાપ્રપાતકુંડમાં ઝિલાય છે. ધોધરૂપે વરસતા એ ગંગાપ્રવાહ માટે ક્ષેત્રસમાસમાં મજાની પંક્તિ છે કે '...मुत्तावलिसमप्पवाहेण.' કલ્પના કરી શકું છું કે પૂજ્યશ્રીના હ્રદયરૂપી પદ્મદ્રહમાંથી નીકળેલ વાત્સલ્યગંગા વિધવિધ પ્રસંગોના પર્વત પરથી વહીને મોતીની માળા સમા રમણીય ધોધરૂપે વરસી છે અને એને ગંગાપ્રપાતકુંડ સમા બનીને ઝીલવાનો લાભ મને મળ્યો છે. અમારા સંબંધોનાં પ્રારંભિક વર્ષોમાં જ નહિ, અંતિમ વર્ષોમાં પણ !! મારી ધારણા મુજબ પ્રારંભિક વર્ષોનું વાત્સલ્ય કદાચ લાગણીમૂલક હશે, જ્યારે અંતિમ વર્ષોનું વાત્સલ્ય કૃપામૂલક હશે. એથી અંતિમ વર્ષોનું વાત્સલ્ય મને ખૂબ ખૂબ સંવેદનાતરબોળ કરી જતું હતું. કેટલાક અંતિમ વર્ષોના વાત્સલ્યપ્રસંગો આપણે માણીએઃ

* વર્ષો પૂર્વે મેં સ્વ. પૂ. સિદ્ધાંતમહોદધિ આ.ભ.શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.ના જીવનગ્રન્થ 'સંભારણાં સૂરિ પ્રેમનાં'માં વાંચ્યું હતું કે એમણે પોતાના ગુરુદેવના પાંચ શિષ્યો કર્યા પછી જ પોતાના શિષ્ય કરવાનો સંકલ્પ કર્યો હતો. આ ઘટના વાંચતા મન પર એવી અસર થઇ કે 'મારે પણ પૂજ્યશ્રીના પાંચ શિષ્યો કર્યા પછી જ પોતાના શિષ્યો શરુ કરવા' આવી ભાવના દઢપણે અંકિત થઇ. એ ઘટનાના ત્રણેક વર્ષ બાદ મુમુક્ષુ ચિંતનકુમાર (આ. રશ્મિરત્નસૂરિજી) ની દીક્ષાનો પ્રસંગ ઉપસ્થિત થયો. મેં પૂજ્યશ્રીને ઉપરોક્ત ઘટના કહી વિનંતિ કરી કે ''ચિંતનને આપનો શિષ્ય બનાવવો છે.'' પૂજ્યશ્રીની દૂરંદેશી કહો-પીઢતા કહો કે મારા પ્રત્યેની અનન્ય વત્સલતા કહોઃ એમણે મજબૂત કારણો આપી મને સમજાવી દીધો કે ''ચિંતનને તારો જ શિષ્ય બનાવવાનો છે. મારા માટે તું બસ છે.''

એ પછીનાં ચાર વર્ષો બાદ ડભોઇ તીર્થનાં ઐતિહાસિક ચાતુર્માસમાં એક સાથે પાંચ દીક્ષાઓ યોજાઇ. એમાં ચાર મુમુક્ષુ તો બાળ-યુવા ભાઇઓ હતા. મારા મનમાં નિશ્ચિંતતા હતી કે ચિંતનની દીક્ષા સમયે પૂજ્યશ્રીએ મારાં ભગવતીસૂત્રયોગનું જે મહત્ત્વનું કારણ દર્શાવ્યું હતું એ હવે રહ્યું ન હતું. કેમ કે હવે મારે એ યોગ અને ગણિપદવીઃ બન્ને થઇ ગયા હતા. એથી આમાં તો પૂજ્યશ્રી પોતાના શિષ્યો કરી શકશે આ નિશ્ચિંતતામાં ઠેઠ દીક્ષાદિન સુધી મુમુક્ષુઓના ગુરુ અંગે મેં પૂજ્યશ્રીને કાંઇ પૂછ્યું નહિ. દીક્ષાદિને પ્રભાતે મેં એમને કહ્યુંઃ'' આપની કૃપાથી આ અણધારી દીક્ષાઓ થઇ રહી છે. મુમુક્ષુઓને આપના જ શિષ્યો કરો.'' પૂજ્યશ્રી હસતા હસતા બોલ્યાઃ ''બધા મારા જ શિષ્યો છે ને ?'' પછી તરત આગળ બોલ્યાઃ ''તારા શિષ્યો એ મારા જ છે. માટે બધા તારા જ શિષ્યો કરવાના છે. એકમાત્ર મુમુક્ષુ હિરેન રશ્મિરત્નવિજયજીનો સગો ભાઇ હોવાથી એને રશ્મિરત્નવિ.નો શિષ્ય કરવાનો છે, બાકી બધા તારા શિષ્યો રહેશે.'' બે વાર મેં પૂજ્યશ્રીને સમજાવ્યા. પરંતુ એમણે વાત સંક્ષેપતા કહ્યુંઃ''મારી મોટી વય છે. ભાવિમાં સમગ્ર પરિવાર એકછત્રમાં રહે એ માટે સહુને તારા શિષ્યો કરવાના છે. હું કરું છું એ દીર્ઘદષ્ટિથી જ કરું છું.''

# ગુરુ ! રહેજો મારાં અંતરમાં :

દીક્ષાસમારોહમાં ચિક્કાર ભીડ વચ્ચે જ્યારે નામસ્થાપનવિધિ આવ્યો ત્યારે સભામાંથી વારંવાર ઘોષણા આવી કે નવદીક્ષિતોના ગુરુને દર્શન આપવા ઊભા કરો. પૂજ્યશ્રીની આજ્ઞા થતા, એમના અવર્ણ્ય ઉપકારોનાં ઋણસ્મરણથી રડતી આંખે મેં જાહેર કર્યું કે ''અમારા તમામ શ્રમણોના પરમાર્થથી ગુરુ માત્ર ને માત્ર પૂજ્યશ્રી જ છે. અત્યારે જે મારું નામ ગુરુરૂપે ઘોષિત થાય છે તે માત્ર વ્યવહાર છે અને એમાં પૂજ્યશ્રીનું મારા પરનું અમાપ વાત્સલ્ય જ કારણ છે.'' દીક્ષાજીવનની પ્રથમ જ સાંજે મેં નવદીક્ષિત શ્રમણોને કહ્યું કે ''કદાચ ભૂલમાં-અજાણતા ય પૂજ્યશ્રીની કોઇ વાતથી મારી વાત અલગ હોય તો મારી કાયમી સૂચના છે કે પૂજ્યશ્રીની વાતનો જ અમલ કરજો, મારી વાતનો નહિ.''

સામાન્યતઃ એમ કહેવાય છે કે સંસારીવર્ગને જેમ સંતાનનું આકર્ષણ હોય, એમ પ્રારંભિક સ્તરના સંયમીઓને શિષ્ય/શિષ્યાઓનું આકર્ષણ હોય. પૂજ્યશ્રી કઇ હદે આ આકર્ષણથી અલિપ્ત હતા એ તો ઉપરોક્ત ઘટનામાં હૂ-બ-હૂ પ્રતિબિંબિત થાય છે જ. પરંતુ એથી ય વિશેષ એમણે પોતાનાં વાત્સલ્યનું ને વિશ્વાસનું પાત્ર મને કઇ હદે બનાવ્યો હતો એ પણ આ ઘટનામાં આબેહૂબ પ્રતિબિંબિત થાય છે. **વાત માત્ર પૂજ્યશ્રીને એ કરવી છે કે આપ સદા ય માટે હજુ પણ મને આપનું વાત્સલ્યપાત્ર-કૃપાપાત્ર બનાવતા રહેજો. મારું આપને વચન છે કે હું આપના વિશ્વાસનું પાત્ર સાર્થકપણે બન્યા જ કરીશ આપના વિશ્વાસનો નાનો શો ય ભંગ કોઈપણ કાર્યમાં નહિ થવા દઉં...**

* પૂ. યુગદિવાકરશ્રીનો જીવનગ્રન્થ પ્રગટ કરવો એ પૂજ્યશ્રીનું સ્વપ્ન હતું. એને સાકાર કરવા કાજે વિ.સં. ૨૦૫૩માં મેં કેરીના રસનો ત્યાગનો નિયમ સ્વીકાર્યો. જો કે, ત્યારે જ આજીવન કેરીત્યાગના નિયમની મારી ભાવના હતી.પરંતુ પૂજ્યશ્રીએ ગ્રન્થપ્રકાશન થાય ત્યાં સુધીનો જ નિયમ લેવાનું ફરમાવતા તેમ થયું. એ પછી સાડા પાંચ વર્ષે ગ્રન્થ લખવાનો આરંભ થયો અને કુલ સાત વર્ષ બાદ વિ.સં. ૨૦૬૧માં એ પ્રકાશિત થયો. મૂળ ભાવનાનુસાર મેં એ પછી પણ કેરીત્યાગનો વિચાર રાખ્યો હતો. શિષ્યોને એ ખ્યાલ હતો. એથી તેઓ આમ ન કરવા દેવાના પ્રયાસોમાં હતા.એમાં એ વર્ષે ગોચરીમાં પ્રથમવાર કેરીનો રસ આવ્યો. શિષ્યોએ આગ્રહ કર્યો, મેં મક્કમ ઇન્કાર કર્યો. એથી એક શ્રમણે પૂજ્યશ્રીને વાત કરી દીધી કે ''આપ ગુરુજીને કેરીનો રસ વપરાવો.'' પૂજ્યશ્રીએ માંડલીમાં પધારીને કહ્યુંઃ ''રાજા! બધાની ઇચ્છા નથી તો તું શા માટે નિયમ રાખવાની વાત કરે છે? ગ્રન્થ પ્રગટ થઇ ગયો છે. તારે કેરી વાપરવી જ પડશે. તું નહિ વાપરે તો હું પણ કેરીત્યાગ કરીશ.'' આ શબ્દો બોલતી વેળાએ એમની આંખોમાં લાગણીનાં ઝળઝળિયાં હતાં. એ ક્ષણે મને વિચાર જાગ્યો કે 'ભલે અત્યારે પણ મારી ભાવના આજીવન કેરીત્યાગની જ હોય, તો ય આ ક્ષણે મારે રસ વાપરવો જોઇએ. જો હવે પણ હું ત્યાગના વલણને વળગી રહું તો એ એક પ્રકારની જીદ-હઠ થઇ જશે. એના કરતા બહેતર છે કે ગુરુદેવની તીવ્ર ઇચ્છાને 'તહત્તિ' કરી લેવી.' મેં એક પણ અક્ષર દલીલનો ઉચ્ચાર્યા વિના પાત્ર ધરીને કહ્યુંઃ ''આપના હસ્તે જ આપો. મને રસ મંજૂર છે.'' **જે રાજીપાથી એમણે મારું પાત્ર ભર્યું એ જોતાં મને લાગ્યું કે પૂજ્યશ્રીએ મને કેરીનો નહિ, કૃપાનો રસ પાયો છે. શિષ્યો પણ સંતુષ્ટ થઇ ગયા.**

એ જ સાંજે મેં એક નવું મજબૂત કારણ શોધી પૂજ્યશ્રીને સમજાવ્યા કે ''ત્યાં સુધી મને કેરી ત્યાગ કરવા દો. એમાં ય આપ કહેશો ત્યારે વાપરવાની છૂટ રાખીશ.'' પૂજ્યશ્રી માની ગયા. બીજા દિવસથી પુનઃ કેરીત્યાગ શરૂ થયો. એ ત્યાગ એમની ઈચ્છાનુસારના એકવારના અપવાદ સિવાય એમના કાળધર્મ પર્યંત અને હવે આજીવન નિરપવાદ જારી છે. એ અપવાદ હતો વર્ષીતપ કર્યો ત્યારે. એ સમયે પણ પૂજ્યશ્રીએ તીવ્ર ભાવના દર્શાવી કે ''કેરી વાપરે તો જ વર્ષીતપની રજા આપીશ.'' એથી એટલો અપવાદ સ્વીકાર્યો. આજે આ સમગ્ર ઘટના વિચારું છું ત્યારે પૂજ્યશ્રીનું એ અહેતુક વાત્સલ્ય હૃદયના તારે તાર ઝંકૃત કરી જાય છે..

* અમારી ગોચરીમાંડલી હોય, પૂજ્યશ્રીને ગોચરી પદાર્થો અપાઇ ગયા હોય અને એ પાત્ર ભૂલમાં ય મારા તરફ આવ્યા વિના આગળ વધે તો પૂજ્યશ્રી તુર્ત બોલી ઊઠેઃ ''રાજાને આપવાનું બાકી છે. પાત્ર ત્યાં આપો.'' અલબત્ત, બાકીના બધા શ્રમણો મારા જ શિષ્યો હતા. એથી પાત્ર સામી તરફ ગયું હોય તો ય મને આપ્યા વિના તેઓ આગળ ન જ વધવાના હોય. છતાં પૂજ્યશ્રી આ બોલે જ બોલે. અમને સૌને આ વારંવારનો અનુભવ હતો. જ્યારે જ્યારે આ શબ્દો સાંભળું ત્યારે ત્યારે મારું દિલ બાગ બાગ થઇ જાય કે 'શું ગુરુભગવંતની કૃપા છે. જાણે આ વયે ય હું એમનો બાલશિષ્ય હોઉં એવું એ ધ્યાન રાખે છે, કોઇ અનુકૂળ પદાર્થ હોય તો તેઓ પોતે મને આપે કે ''લે, આ તારા માટે બરાબર છે.'' હું જરૂર ન હોય તો ય એ એમની કૃપાપ્રસાદી સમજીને સ્વીકારું. એમ થાય છે કે હવે આવા નિર્ભેળ લાગણીનાં શબ્દો કે દશ્યો ક્યાં નિહાળવા મળશે? યાદ આવે પેલી પંક્તિઓ કે ''जीवत्सु तातपादेषु... ते हि नो दिवसा गता:।''

* વિ.સં. ૨૦૬૧ના શ્રી સિદ્ધક્ષેત્ર -પાલિતાણાનાં સામૂહિક ચાતુર્માસની પૂર્ણાહુતિ બાદનો સમય. એ સમયે પૂજ્યશ્રીની નિશ્રામાં સામૂહિક નવાણુંયાત્રા થતી હતી. અમે સર્વ શ્રમણો તો નવાણુંયાત્રામાં હતા, પૂજ્યશ્રી પણ ડોળી દ્વારા નવાણું યાત્રા કરતા હતા. તપક્ષેત્રે મારી શક્તિ સાવ વામણી હતી. બધાને ખબર હતી કે આ એક ઉપવાસ કરે તો ય બપોરથી વમન શરૂ થઇ જાય. પરંતુ ગિરિરાજની છાયાથી-પ્રભાવથી મન ચોવિહાર છટ્ઠ પૂર્વક સાત યાત્રા માટે સજ્જ થવા માંડ્યું. પોષ શુદિ સાતમે અમે ચૌદ શ્રમણ-શ્રમણીએ આ તપમાં ઝુકાવ્યું. એકમાત્ર મારો કિસ્સો Doubhtful હતો. પણ ખબર નહિ, એવી પ્રભુ કૃપા વરસી કે સવા બારે તો હું છટ્ઠી યાત્રા પૂર્ણ કરીને દાદાના દરબારે આવી ગયો હતો. નક્કી કર્યું કે આવી સરસ યાત્રા દાદાનાં કારણે થઇ છે તો છ યે યાત્રાના બાકીનાં બધાં જ ચૈત્યવંદન-કાઉસગ્ગ આદિ વિધિ કરીને જ નીચે જવું. એ મુજબ બધી જ વિધિ કરી સવા બે-અઢી વાગ્યે હું ધર્મશાળા તરફ પહોંચ્યો. પૂજ્યશ્રીની ખુશીની કોઇ સીમા ન રહી. તેઓ ખુદ મને લેવા લુણાવાભવનધર્મશાળાનાં દ્વારે આવ્યો. હું પૂજ્યશ્રીનાં ચરણે નમ્યો ત્યારે તેઓશ્રીએ બન્ને હાથે ક્યાં ય સુધી મારી પીઠ થાબડી, મસ્તકે લાગણીભર્યો હસ્ત પ્રસાર્યા કર્યો. એમની આંખોમાં હર્ષાશ્રુ હતા. અમારા ઘણા બધા શ્રમણીભગવંતો ત્યાં આવ્યા હતા. એ સૌની આંખો સજલ બની ગઇ. પાછળથી અમારા સમુદાયના એક મુખ્ય સા. શ્રી કલ્પલતાશ્રીજીએ મને કહ્યુંઃ ''ખરું દશ્ય તો આ જ જોવા જેવું હતું. શું સાહેબજીની તમારા પર લાગણી છે!!'' આવી જ ઘટનાઓ મેં જ્યારે વર્ષીતપ કર્યો અને સૂરિમન્ત્રની પંચમ પીઠિકા પૂર્ણ કરી ત્યારે પણ બની. કેમ કે મારા માટે આ તમામ તપસ્યા અશક્યવત્ હતી. મારું મન્તવ્ય છે કે એ મારી શક્તિથી નહિ, માત્ર

પ્રભુકૃપા-ગુરુકૃપાથી થયેલ તપ હતા. પૂજ્યશ્રીની આંખોમાં ત્યારે પણ હર્ષાશ્રુ ઉભરાયા હતા. એ આંસુ માટે હું ચોક્કસ કહી શકું કે ''उस आँख आंसु गिरे, वो मोती थे.''

આ મહાગ્રન્થમાં પૂર્વે દર્શાવ્યું છે તેમ, પૂજ્યશ્રીનું Dream 'યુગદિવાકર' મહાગ્રન્થરૂપે સાકાર થયું અને એની પ્રથમ નકલ પૂજ્યશ્રીના હાથમાં આવી ત્યારે પણ પૂજ્યશ્રીએ ભાવોદ્રેકની પરાકાષ્ઠાનું વાત્સલ્ય વહાવ્યું હતું. આવી આવી અન્ય પણ ઘટનાઓ સર્જાઇ જ છે. મારા માટે એ તમામ ઘટનાઓ જીવનની મોંઘેરી મૂડી છે. કેમ કે એમાં ગંગાપ્રવાહની જેમ વહેતું વાત્સલ્ય કૃપામૂલક હતું. અને કૃપા માટે તો શાસ્ત્રો પણ કહે છે કે ''मोक्षमूलं गुरोः कृपा''।

(૧૮)

શ્રી શત્રુંજય ગિરિરાજના દાદા આદિનાથના એક સાંપ્રત ભક્તિગીતમાં આ મજેદાર પંક્તિઓ ગવાય છે કેઃ

दादा को जो याद करें, वो भक्त निराले होते है। पर दादा जिनको याद करे, वो किस्मतवाले होते है।।

દાદાના સંદર્ભમાં નહિ તો ય ગુરુદેવના સંદર્ભમાં ખાતરીપૂર્વક કહી શકું કે હું ઉપરોક્ત રીતે અવશ્ય કિસ્મત ધરાવનાર હતો. કેમ કે પૂજ્યશ્રી મને વારંવાર, કદાચ સૌથી વધુ યાદ કરતા હતા. એક આવો હૃદયસ્પર્શી પ્રસંગ નિહાળીએ વિ.સં. ૨૦૬૮નો.

એ વર્ષે પૂજ્યશ્રીની પુણ્યનિશ્રામાં ડભોઇતીર્થથી સર્વપ્રથમવાર શ્રી શત્રુંજયમહાતીર્થનો પચીશ દિવસીય ભવ્ય પદયાત્રા સંઘ યોજાયો હતો. આ સંઘના તીર્થમાળવિધાનના બીજા જ દિવસે મારે અન્ય એક પદયાત્રા સંઘ માટે ઝડપી વિહાર કરી અમદાવાદ તરફ જવાનું હતું. એ માટે કુલ અઢાર દિવસ મારે પૂજ્યશ્રીથી અલગ થવાનું હતું. જીવનમાં પ્રથમ જ વાર આટલા બધા દિવસ અલગ વિચરવાનું આવ્યું હતું. સવારે વિહારયાત્રા માટે સજ્જ થઇ અમે પૂજ્યશ્રીને વંદન કર્યા-વાસક્ષેપ કરાવ્યો. વિદાયની ક્ષણે પૂજ્યશ્રી મને નીચે સુધી મૂકવા પધારતા હતા. મેં પરાણે ના કહી કે ''આપ સીડી ન ઊતરશો. સીડી સુધી પધાર્યા એ જ બહુ છે.'' સીડી પાસે છેલ્લો ચરણસ્પર્શ કર્યો તો કહેઃ ''રાજા, તારા વિના મને ખોટ પડશે.'' મેં ગળગળા સાદે કહ્યુંઃ ''સાહેબજી! આપનું પુણ્ય જ એવું છે કે અહીં કોઇ ખોટ નહિ પડે. બાકી રશ્મિરત્ન વિ. વગેરે છે જ.'' અમે અઢાર કિ.મી. વિહાર કરી રાજેન્દ્રધામ પહોંચ્યા. ત્યાં મેં સહવર્તી શ્રમણોને કહ્યું કે ''જો કોઇ સંગાથ મળશે તો સાહેબજી આજે મને બે અક્ષરનો પત્ર પણ મોકલ્યા વિના નહિ રહે.'' મારું અનુમાન સાચું ઠર્યું. બપોરે પૂજ્યશ્રીનો પત્ર આવ્યો. એમાં પ્રારંભે પૂજ્યશ્રીએ આ હૃદયસ્પર્શી શબ્દો લખ્યા હતા કે ''અહીં આજે વાતાવરણ સૂનકાર જેવું ભાસે છે. સતત પ્રવૃત્તિશીલ રાજરત્ન મ. ની પ્રવૃત્તિ શાંત થઈ ગઈ ભાસે છે.'' પૂજ્યશ્રીના હસ્તાક્ષરનો એ જરૂરી પત્રાંશ તથા એનો મારો પ્રત્યુત્તર આ ગ્રન્થના પરિશિષ્ટમાં મુદ્રિત છે. અમે અઢાર દિવસ બાદ વડોદરામાં પુનઃ મળ્યા ત્યારે પૂજ્યશ્રીની આંખોમાં આનંદાશ્રુ હતા અને પ્રથમ શબ્દો આ હતા કે ''આવી ગયો, રાજા! બહુ સારું થયું.'' એ શબ્દોમાં પ્રગટતી ભાવોની મહેંકથી મેં પણ કહ્યું :''સાહેબજી ! હવે એક દિવસ પણ અલગ જવું ન પડે એમ કરો. બે પ્રસંગ ઓછા થશે તો ચાલશે. પરંતુ મારે કાયમ આપની સાથે જ રહેવું છે.'' એ પછીના સાડા ત્રણ વર્ષના પૂજ્યશ્રીનાં આયુષ્યમાં મને એક પણ દિવસનાં અંતર વિના પૂજ્યશ્રીની સાથે રહેવાનો લાભ મળ્યો.

કાશ! કાયમ સાથે રહેવાની મારી એ ભાવના આજે પણ સાકાર હોત તો?

(૧૯)

ભાવુકતાથી ભર્યા ભર્યા એક ભક્તિગીતમાં 'ગુરુ' માટે આ પંકિતઓ લખાઇ છે કેઃ-

मेरे सर पर रख दो गुरुवर !, अपने ये दोंनो हाथ। देना है तो दीजिए, जनम जनमका साथ...

પૂર્વના પ્રસંગોમાં નિહાળ્યું તેમ પૂજ્યશ્રીએ તો મારા મસ્તક પર બે હાથ ધરીને ખોબે ખોબે આશીર્વાદ આપ્યા જ છે. પરંતુ એમનો સાથ જનમ-જનમ મળે એ માટે મેં પણ એમનો હાથ પકડી રાખ્યો છે. હવે નિહાળીએ આ હાથ પકડવાની વાત.

બાલવયથી પૂજ્યશ્રીની ભક્તિના સંસ્કાર હતા. એથી આચાર્યપદારોહણ થયા પછી પણ એવો નિર્ણય રાખ્યો હતો કે પૂજ્યશ્રીની ત્રણેક નાની -નાની ભક્તિ મારે જ કરવી. એમાં કોઇ શિષ્યો લાભ લેવા દોડી આવે તો ય એમને એ લાભ ન આપવો. એ ત્રણેક ભક્તિ પૈકી એક હતી પૂજ્યશ્રીનો હાથ પકડવાની. પ્રવચનપીઠની સીડી-જિનાલયની સીડી-ઉપાશ્રયની સીડી વગેરે ચડતા-ઊતરતા પૂજ્યશ્રીના હાથને સાથ દેવાનું કાર્ય મારું જ. રશ્મિરત્નવિજયજી વગરે આવે તો ય હું ઇન્કાર કરું. મને આ હાથ પકડતી વેળાએ જાણે સ્વર્ગનો આનંદ થતો. મનમાં વિચારતો કે 'જે ગુરુભગવંતે બાલપણમાં મારો હાથ પકડ્યો એમનો હાથ વૃદ્ધાવસ્થામાં પકડવાની તક મને મળે એ કેવું રૂડું સૌભાગ્ય છે!! આ તો કલ્પવૃક્ષની સેવા છે'. આ નાનકડી વાતની અસર કેવી સરસ થતી એનો ખ્યાલ વિ.સં. ૨૦૬૪માં અનાયાસે આવ્યો. એ વર્ષના વાલકેશ્વરનાં ચાતુર્માસમાં પ્રવચનમાં આવતા એક બેન મને કહેઃ ''સાહેબજી! મોટા મહારાજને હાથનો ટેકો આપતા તમને જોઇએ છીએ ને અમારી આંખ ઠરે છે. બાકી ઘરમાં અમારાં સંતાનોને ય અમારી કાંઇ પડી નથી હોતી.''

આ હાથ પકડવાની ભક્તિનું મારી દૃષ્ટિએ સૌથી મોટું દિલ ઠારતું પરિણામ મને મળ્યું. પૂજ્યશ્રીની સભાનવસ્થાની અંતિમ ક્ષણોમાં. વિ.સં. ૨૦૭૧ના જે દિને અંતિમ માંદગી આવી ત્યારે હોસ્પિટલપરિસરમાં પહોંચ્યા બાદ પૂજ્યશ્રીની Stretcherમાં સંથાર્યા. Stretcherમાં બેસતા પૂર્વે તેઓ મારા હાથનો ટેકો લઇને ઉતર્યા અને ટેકો લઇને Stretcherમાં બેઠા. આ અમારો સભાનાવસ્થાનો છેલ્લો સ્પર્શ. તે પછી તેઓ બે મિનિટમાં બેશુદ્ધ થયા. આજે મને થાય છે કે હાથ પકડવાની ભક્તિનો હક મારો હતો, તો આ અંતિમ સ્પર્શનો લાભ મળ્યો. નહિ તો કદાચ હું આ લાભથી

વંચિત રહી જાત.

**પ્રાર્થના છે પૂજ્યશ્રીને કે મેં આપના હાથને અંતિમ ક્ષણ સુધી સાથ દીધો. હવે આપનો વારો છે કે મારા અંતિમ ભવ સુધી આપના હાથનો સાથ મને આપજો.** એ માટે ટાંકીશ પૃથ્વીચન્દ્ર સજ્ઝાયની આ પંકિત કેઃ

જગહિતકારી જગહિતવત્સલ, દીઠે પરમ કલ્યાણ; વિરહ મ પડજો એવા ગુરુતણો, જાવ લહું નિર્વાણ...

**(૨૦)**

સામાન્યતઃ સંસારી વ્યક્તિઓમાં એવી પદ્ધતિ છે કે જીવનનાં અંતિમ ચરણમાં તેઓ સંતાનોને will દ્વારા સંપત્તિ આદિનો વારસો આપે. પૂજ્યશ્રી તો સાધુપુરુષ હતા, એથી સંપત્તિનો વારસો હોય નહિ ને આપે નહિ. જે વારસો હોય એ આરાધનાપૂત ઉપકરણોનો હોય. અનાયાસે આવો એક મહત્ત્વપૂર્ણ વારસો મને કાયમી સાચવણી માટે અપાવવામાં નિમિત્ત બની ગયા પૂજ્યશ્રી અને એ પણ આયુષ્યના અંતિમ વર્ષે!! ઘટના એ કાંઇક આવી બની હતીઃ

ધર્મધામ-નાગેશ્વરપાર્શ્વનાથ તીર્થે વિ.સં. ૨૦૭૧માં ઉપધાન તપ જારી હતા અને એના અંતિમ દિવસોમાં જ એ તીર્થનો શાનદાર અંજનશલાકા-પ્રતિષ્ઠામહોત્સવ યોજાયો હતો. એ દિવસોમાં પૂજ્યશ્રીએ મને એક સૂચન કર્યુંઃ ''આ તીર્થમાં પૂ. યુગદિવાકર ગુરુદેવનાં જીવન દર્શન હૉલ (Museum) નું નિર્માણ કરીએ તો?'' મેં પૂજ્યશ્રીની ભાવના તહત્તિ કરી. પરંતુ મનમાં હતું કે 'Museum' માં તો જે તે વ્યક્તિ સાથે સંબંધિત સામગ્રી પણ હોય. આપણી પાસે એવું કાંઇ ખાસ છે નહિ. તો આપણે એમના જીવનના પ્રસંગચિત્રો બનાવી આ જીવનદર્શન હૉલ કરીશું.' નિર્ણય થઇ ગયો. અંજન-પ્રતિષ્ઠામહોત્સવ પૂર્વેના મોટા મોટા અખબારી અહેવાલોમાં એનો ઉલ્લેખ પણ થયો. આ અખબારી અહેવાલ છાણીમાં વાંચીને ત્યાં વિરાજમાન પૂ.આ.શ્રી ચન્દ્રસેનસૂરિજી મ. કે જેમણે પૂ. યુગદિવાકર ગુરુદેવની અંતિમ અવસ્થામાં અદ્‌ભુત શારીરિક શુશ્રૂષા કરી હતી તેમને સ્વયમેવ સ્ફુરણા થઇ. તેઓએ પૂજ્યશ્રીનો સંપર્ક કરી આ Museumમાં સ્થાયી સાચવણી થાય તે માટે (૧) પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રી નિત્ય જાપમાં જેનો ઉપયોગ કરતા હતા તે સૂરિમન્ત્રપટ (૨) નિત્ય જાપની માળા (૩) જાપમાં રખાતી નાની પ્રતિમાઓ (૪) પૂ. યુગદિવાકરશ્રીના અંતિમ દિનનો જાપ વાસક્ષેપ (૫) તેઓશ્રીના સ્થાપનાચાર્ય આદિ પાઠવ્યા. પૂજ્યશ્રીએ આ ચીજો Museum માટે મને સાચવવા આપી ત્યારે મને હૃદયથી Feel થયું કે મહાપુરુષોની ગુણસંપદાનો વારસો જેટલો મહત્ત્વપૂર્ણ છે, એટલો જ મહત્ત્વપૂર્ણ વારસો એમના સાધનાપૂત પવિત્ર ઉપકરણોનો છે. એનાં દર્શન પણ પ્રબળ પુણ્યયોગ હોય તો જ થાય. પૂજ્યશ્રીએ જીવનદર્શન હૉલનો વિચાર આપ્યો તો એનો નિર્ણય થયો અને એટલે જ પૂ.આ.શ્રી ચન્દ્રસેનસૂરિજી મ. દ્વારા સ્વયંસ્ફૂર્ત હાર્દિક ઔદાર્ય દ્વારા આ મહાન ઉપકરણો અપાયા. પૂર્વજ પુણ્યપુરુષોનો આવો ઉપકરણવારસો તો સર્વાધિક શ્રેષ્ઠ સ્થૂલ વારસો ગણાય.

થાય છે કે પૂજ્યશ્રીએ મને આપવામાં કાંઇ જ કસર રાખી નથી-કાંઇ જ બાકી રાખ્યું નથી. પછી એ પૂર્વજનો ગુણસંપદાનો વારસો હોય કે ઉપકરણસંપદાનો. બસ, બધું આપનાર ગુરુદેવ પાસે હજુ એક આ માંગવું છું કે :

ધ્યાન મારું રાખજો, ગુરુ ! એ કૃપા તો રાખજો; દૂર છો ચાલ્યા ગયા, પણ યાદ મારી રાખજો...

**(૨૧)**

પૂજ્યશ્રી સાથેનાં સંસ્મરણીય પ્રસંગો તો હજુ ય ઘણા છે. પરંતુ મારે આ લેખમાં ૨૧ જ સંસ્મરણ આલેખવા છે. કેમ કે 'યુગદિવાકર' મહાગ્રન્થમાં મેં પૂ. યુગદિવાકરશ્રી અંગેના સંસ્મરણલેખમાં પણ ૨૧ સંસ્મરણ આલેખ્યા હતા. એથી આમાં પણ એ જ સંખ્યા રાખવી છે. ત્યાં અંતિમ સંસ્મરણ કાલધર્મ પછીનું લખ્યું હતું, તો અહીં પણ યોગાનુયોગ અંતિમ સંસ્મરણ કાલધર્મ પછીનું લખાઇ રહ્યું છે. એ છે આઃ

**પૂજ્યશ્રીના કાલધર્મ બાદ શાસનકાર્યોની-ગુરુભક્તિકાર્યોની જે હારમાળા સર્જાઇ રહી છે એ ખરેખર અમારી ધારણા બહારની-શક્તિ બહારની વાત છે, જે વિનયશીલ પરિવારની વૃદ્ધિ થઇ રહી છે એ ય કલ્પના બહાર છે. અંતરથી અમને સૌને એ અહેસાસ થઇ રહ્યો છે કે આ પૂજ્યશ્રીનાં પરોક્ષ સાન્નિધ્યનો-સહયોગનો પ્રભાવ છે. ના, આ ચમત્કારનાં સ્તરની વાત નથી. માત્ર ભાવનાનાં સ્તરની વાત છે.** કબૂલ કે પરોક્ષપણે પૂજ્યશ્રીનું સાન્નિધ્ય છે. પરંતુ સાથે એક અજંપો મનને કોરી ખાય છે કે હવે જીવનમાં મારાં શિરે કોઇ પ્રત્યક્ષ છત્રછાયા નથી. હું પ્રામાણિકપણે માનું છું કે ગુરુદેવની છાયા જેવી સલામતી ક્યાં ય નથી. અને એનાથી હવે-છત્રીશ વર્ષો બાદ હું વંચિત છું. મારાથી કોઇ ગલત નિર્ણય થઇ જાય તો હવે મને અટકાવનાર-સમજાવનાર કોણ? મારાથી કાંઇ ઉતાવળું પગલું ભરાય તો મને હવે ટપારનાર કોણ? બસ, આ ચિંતામાંથી-ચિંતનમાંથી બે પ્રાર્થના પ્રગટી છે અને એ હું નિત્ય વહેલી પ્રભાતે ઉઠતાવેંત પૂજ્યશ્રીની દેહપ્રમાણ તસવીરને અમારા કાયમી નિત્યક્રમ મુજબ 'મત્થએણવંદામિ' કહેતી વેળાએ કરું છું કેઃ

* ગુરુદેવ! હું આ શ્રમણ-શ્રમણી પરિવારરૂપ બગીચાનો માલિક નથી, માળી છું. માળી જેમ દરેક છોડને એની ક્ષમતા મુજબ વિકસાવે એમ મારે પણ આપે આપેલ આ દરેક શ્રમણ-શ્રમણીને એમનાં સ્તર મુજબ વિકસાવવાના છે. મોટાઇનો-અધિકારનો ભાવ મારામાં કદાપિ ન આવે.
* **ગુરુદેવ મારા હૃદયનું આસન છોડીને આપ એક પણ ક્ષણ ક્યાંય ન જશો. મારાં જીવનના દરેક વિચારોમાં ને વર્તનમાં આપ માર્ગદર્શન આપતા રહેજો. ખોટું કરું ત્યાં અંદરથી અવાજ આપી અટકાવતા રહેજો. તો જ સ્વ-પર શ્રેયની આ જવાબદારી મારાથી વહન થઇ શકશે, અન્યથા નહિ. પ્રત્યક્ષપણે ભલે છત્રીશ વર્ષ જ સાથે રાખ્યો, કિંતુ પરોક્ષપણે તો જીવનભર અને ભવોભવ સાથે રાખજો.**

બસ, આ જ સંવેદનાની ભૂમિકાથી હૈયે શાશ્વત પ્રતિષ્ઠિત પૂજ્યશ્રી માટે હૃદયપૂર્વક પ્રાર્થના છે કે

**''ગુરુ રહેજો મારા અંતરમાં...''**